RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 22* Date: 11.11.2022, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ભાજપે જાહેર કરાયેલા ૧૬૦ ઉમેદવારોમાંથી ૩૮ સીટિંગ ધારાસભ્યોની ટિકિટ કપાઈ

## ભાજપમાં ઇક્રબેકસીના લીધે આ ધારાસભ્યની ટિકિટ કાપી નાંખવામાં આવી છે




અમદાવાદ,તા.૧૦

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પડઘમ વાગી ચૂક્યા છે અને તેની વચ્ચે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પણ તેજ થઈ છે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ બાદ આજે ભાજપ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દીધી છે. આજે ૧૬૦ ઉમેદવારોના નામની યાદી જાહેર કરી છે તેમાં ૩૮ ચાલુ ધારાસભ્યની ટિકિટ કાપી નાંખી છે.

કેન્દ્રીય પ્રધાન ભૂપેન્દ્ર યાદવ અને ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે આ ઉમેદવારોની યાદી જાહેર કરી છે જેમાં ૧૩ સિડ્યુકાસ્ટ, ૨૪ સિડ્યુ ટ્રાઈબ તેમજ ૧૪ મહિલાઓ યુવાનો અને પંચાયતી અને પ્રોફેશનલ ક્ષેત્રે જોડાયેલા ઉમેદવારોને સમાવવામાં આવ્યા છે. પ્રભારી ભૂપેન્દ્ર યાદવે કહ્યું કે, સમાજના દરેક વર્ગના જોડાયેલા લોકોને સમાયોજિત કરવામાં આવ્યા છે. પ્રમુખ નેતાઓએ વરીષ્ઠ નેતાઓએ પત્ર લખીને કહ્યું છે કે, પ્રદિપસિંહ જાડેજા, આરસી ફળદુ સહીતના નેતાઓ પાર્ટી સંગઠન માટે કામ કરશે.આ સાથે ૩૮ સીટીંગ ધારાસભ્યની ટિકિટ કાપી નાંખવામાં આવી છે. ભાજપમાં ઈક્રબેકસીના લીધે આ ધારાસભ્યની ટિકિટ કાપી નાંખવામાં આવી છે. રાજેન્દ્ર ત્રિવેદી શશીકાંત પંડ્યા, મધુ શ્રીવાસ્તવ સહિત અનેક મોટા માથાઓને ટિકિટ આપી નથી,વેજલપુરથી કિશોર ચૌહાણની પણ ટિકિટ કપાઈ ગઈ છે.આ ઉપરાંત કોંગ્રેસમાંથી ૨૦૧૭માં ચૂંટણી લડનાીર રાજીનામું આપીને ભાજપમાં સામેલ થયેલા આ નેતાઓને ટિકિટ ફાળવી છે. તેમાં કુંવરજી બાવળિયા- જસદણ વિધાનસભા બેઠક,જે.વી કાકડિયા- ધારી વિધાનસભા બેઠક,જવાહર ચાવડા- માણાવદર વિધાનસભા બેઠક,અક્ષય પટેલ- કરજણ વિધાનસભા બેઠક,અશ્વિન કોટવાલ- ખેડબ્રહ્મા વિધાનસભા બેઠક,જીતુ ચૌધરી- કપરડા વિધાનસભા બેઠક,હર્ષદ રીબડિયા- વિસાવદર વિધાનસભા બેઠક,ભગવાનભાઈ બારડ – તાલાળા વિધાનસભા બેઠક,મોહનભાઈ રાઠવાની જગ્યા એ રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવાને – છોટા ઉદેપુર બેઠક પરથી ટિકિટ આપવામાં આવી.

**પ્રથમ તબક્કામાં થનાર મતદાનની બેઠકોના ઉમેદવારોનું લીસ્ટ જોઈએ** તો ૧ ઘાટલોડીયા – ભુપેન્દ્ર પટેલ,૨. અબડાસા – પ્રદ્યુમન સિંહ જાડેજા,૩.માંડવી – અનિરુધ્ધ દવે,૪.ભુજ – કેશુભાઈ પટેલ,૫. અંજાર – ત્રિકમભાઈ છાંગા,૬.ગાંધીધામ – માલતીબેન મહેશ્વરી,૭.રાપર – વિરેન્દ્રસિંહ જાડેજા,૮.દસાડા – પરસોતમભાઈ પરમાર,૯. લીંબડી – કીરીટસિંહ રાણા,૧૦.વઢવાણ – જીજ્ઞાબેન પંડયા,૧૧. ચોટીલા – શામજીભાઈ ચૌહાણ,૧૨. ધાંગ્રધા – પ્રકાશભાઈ વરમોળા,૧૩. મોરબી – કાંતિલાલ અમૃતિયા,૧૪. ટંકારા – દુર્લભજી ભાઈ દેથરીયા,૧૫. વાંકાનેર – જીતેન્દ્રભાઈ સોમાણી,૧૬. રાજકોટ (પૂર્વ) – ઉદય કાનગડ,૧૭. રાજકોટ (પશ્ચિમ) – ડો. શ્રીમતી દર્શિતા શાહ,૧૮. રાજકોટ (દક્ષિણ) – રમેશ ટીલાળા,૧૯. રાજકોટ (ગ્રામ્ય) – શ્રીમતી ભાનુબેન બાબરીયા,૨૦. જસદણ – કુંવરજીભાઈ બાવળીયા,૨૧. ગોંડલ – ગીતાબા જાડેજા,૨૨. જેતપુર – જયેશભાઈ રાદડીયા,૨૩. કાલાવાડ – મેઘજીભાઈ ચાવડા,૨૪. જામનગર ગ્રામીણ – રાઘવજી પટેલ,૨૫. જામનગર ઉતર – રીવાબા જાડેજા,૨૬. જામનગર દક્ષિણ – દિવ્યેશ અકબરી,૨૭. જામજોધપુર – ચીમનભાઈ સાપરીયા,૨૮. દ્વારકા – પબુભા માણેક,૨૯. પોરબંદર – બાબુભાઈ બોખરીયા,૩૦. માણાવદર –જવાહર ચાવડા,૩૧. જુનાગઢ – સંજય કોરડીયા,૩૨. વિસાવદર – હર્ષદ રીબડીયા,૩૩. કેશોદ – દેવાભાઈ માલમ,૩૪. માગરોળ – ભગવાનજી ભાઈ કરગઠીયા,૩૫. સોમનાથ – માનસિંહ પરમાર,૩૬. તાલાલા –ભગવાનભાઈ બારડ,૩૭. કોડીનાર – ડો. પ્રદ્યુમન વાજા,૩૮. ઉના – કાલુભાઈ રાઠોડ,૩૯. ધારી – જયસુખ કાકડીયા,૪૦. અમરેલી – કૌશિક વેકરીયા,૪૧. લાઠી – જનકભાઈ તલાવીયા,૪૨. સાવરકુંડલા – મહેશ કસવાલા,૪૩. રાજુલા – હીરાભાઈ સોલંકી,૪૪. મહુવા – શિવાભાઈ ગોહિલ,૪૫. તલાજા – ગૌતમભાઈ ચૌહાણ,૪૬. ગારીયાધાર- કેશુભાઈ નાકરાણી ૪૭. પાલીતાણા – ભીખાભાઈ બારૈયા ૪૮. ભાવનગર (ગ્રામ્ય) – પુરુષોતમ સોલંકી ,૪૯. ભાવનગર પશ્ચિમ – જીતુભાઈ વાઘાણી,૫૦. ગઢડા – શંભુપ્રસાદ ટુંડીયા,૫૧. બોટાદ – ઘનશ્યામ વીરાણી,૫૨. નાંદોદ – ડો. દર્શનાબેન વસાવા,૫૩. જંબુસર – દેવકિશોરદાસજી સાધુ,૫૪. વાગરા – અરુણસિંહ રાણા,૫૫. ઝઘડીયા – રીતેશ વસાવા,૫૬. ભરુચ – રમેશ મિસ્ત્રી,૫૭. અંકલેશ્વર – ઈશ્વરસિંહ પટેલ,૫૮. ઓલપાડ – મુકેશ પટેલ,૫૯. માંગરોળ - ગણપતભાઈ વસાવા,૬૦. માંડવી – કુવરજી હળપતિ,૬૧. કામરેજ - પ્રફુલભાઈ પાનસેરીયા ૬૨. સુરત (પુર્વ) – અરવિંદ રાણા ૬૩. સુરત (ઉતર) - કાંતિભાઈ બલ્લર ૬૪. વરાછા રોડ – કિશોર કાનાણી ૬૫. કારંજ – પ્રવિણ ઘોઘારી ૬૬. લીંબાયત – સંગીતા પાટીલ,૬૭. ઉધના – મનુભાઈ પટેલ,૬૮. મજુરા – હર્ષ સંઘવી,૬૯. કતારગામ – વિનોદ મોરડીયા,૭૦. સુરત (પશ્ચિમ) – પુર્ણેશ મોદી,૭૧. બારડોલી – ઈશ્વરભાઈ પરમાર,૭૨. મહુવા – મોહનભાઈ ઢોડીયા,૭૩. વ્યારા – મોહનભાઈ કોકણી,૭૪. નિઝર – જયરામભાઈ ગામીત,૭૫. ડાંગ – વિજયભાઈ પટેલ,૭૬. જલાલપુર – રમેશભાઈ પટેલ,૭૭. નવસારી – રાકેશ દેસાઈ,૭૮. ગણદેવી – નરેશભાઈ પટેલ,૭૯. વાસદા – પિયુષ પટેલ,૮૦. ધર્મપુર – અરવિંદ પટેલ,૮૧. વલસાડ – ભરત પટેલ,૮૨. પારડી – કનુભાઈ દેસાઈ,૮૩. કપરાડા – જીતુભાઈ ચૌધરી,૮૪. ઉમરગામ – રમણભાઈ પાટકરનો સમાવેશ થાય છે.

# વડાપ્રધાન મોદીની વિરૂધ્ધ ટીપ્પણી કરવા પર સ્વામી યતિ નરસિંહાનંદની વિરૂધ્ધ કેસ દાખલ



ગાઝીયાબાદ,તા.૧૦

ગાઝિયાબાદના ડાસના દેવી મંદિરના પુજારી યતિ નરસિંહાનંદ એકવાર ફરીથી ચર્ચામાં છે કારણ છે તેમનું વિવાદાસ્પદ નિવેદન.વિવાદાસ્પદ બોલ બોલનારા સ્વામી યતિ નરસિંહાનંદની વિરૂધ્ધ ગાઝિયાબાદમાં એફઆઈઆર દાખલ થઇ છે.

હકીકતમાં સોશલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઇ રહ્યો હતો જેમાં મહંત યતિ નરસિંહાનંદ સરસ્વતી વડાપ્રધાન અને અન્ય મહારપુરૂષોની બાબતમાં વાંધાજનક ટીપ્પણી કરી રહ્યાં હતાં આ કારણે ગાઝિયાબાદના પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યો આ સાથે જ આ મામલાની આગળની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી છે.સપ્ટેમ્બરમાં પણ તેમણે કહ્યું હતું કે મદરેસાઓને દારૂગોળાથી ઉડાવી દેવા જોઇએ જેથી બાળકોના મગજમાંથી વાયરસ કાઢી શકાય તેમણે કોંગ્રેસની ભારત જોડો યાત્રાને પણ મજાક બતાવી હતી.આ ઉપરાંત તેમની એક વીડિયો વાયરલ થઇ હતી જેમાં તે પૂર્વ રાષ્ટ્રપતિ અને વૈજ્ઞાનિક અબ્દુલ કલામને નંબર એક જેહાદી બતાવતા રહ્યાં છે. તેઓ એ કહેતા હતાં કે કલામના રાષ્ટ્રપતિ અને ડીઆરડીઓના પ્રમુખ રહેતા ન જાણે કેટલા હિન્દુઓની હત્યા થઇ

આ પહેલો પ્રસંગ નથી જયારે યતિ નરસિંહાનંદ ચર્ચાઓમાં આવ્યા હોય આ પહેલા પણ તે ખોટી નિવેદનબાજીને કારણે અનેકવાર ચર્ચામાં રહી ચુકયા છે.જુલાઇમાં તેમણે મહાત્મા ગાંધીને હિન્દુઓના મોતના જવાબદાર ઠેરવ્યા હતાં.યતિ એ કહેતા નજરે આવી રહ્યાં હતાં કે મહાત્મા ગાંધીને રાષ્ટ્રપતિ કહેવામાં ન આવે તેના માટે સુપ્રીમ કોર્ટમાં તેઓ અરજી દાખલ કરશે

યતિ નરસિંહાનંદ સરસ્વતી ગાઝિયાબાદના શિવ શક્તિ ધામ ડાસના મંદિરના મહંત છે તેમને અખિલ ભારતીય સંત પરિષદના રાષ્ટ્રીય સંયોજક પણ બતાવવામાં આવે છે.

આ ઉપરાંત તેમની બાબતમાં કહેવામાં આવે છે કે તેમણે રશિયામાં અભ્યાસ કર્યો છે અને મોસ્કો અને લંડન સહિત અનેક જગ્યાઓ પર કામ પણ કર્યું છે.તે સમાજવાદી પાર્ટીથી પણ જોડાયેલા રહી ચુકયા છે.

# હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટેનો ચુંટણી પ્રચાર સમાપ્ત : ૧૨ નવેમ્બરે મતદાન

## ભાજપ, કોંગ્રેસ,આપ સહિત તમામ પક્ષોની બહારના સ્ટાર પ્રચારકોએ તેમના સ્ટેશન છોડવા પડશે.

શિમલા,તા.૧૦

હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીના મતદાનનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. આજે સાંજે ૫:૦૦ કલાકે ચૂંટણી પ્રચાર બંધ થઈ ગયો છે. હવે રાજકીય પક્ષોના નેતાઓ ચુંટણી રેલી,રોડ શો કરી શકશે નહીં આ ઉપરાંત ભાજપ, કોંગ્રેસ, આપ સહિત તમામ પક્ષોની બહારના સ્ટાર પ્રચારકોએ તેમના સ્ટેશન છોડવા પડશે. હિમાચલમાં સાંજે ૫:૦૦ વાગ્યા પછી સાયલન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યું છે. હવેથી ચૂંટણી પ્રચાર સંબંધિત પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ચૂંટણીમાં ઊભેલા કોઈપણ ઉમેદવાર ટેલિવિઝન કે ડિજિટલ મીડિયા પર ઈન્ટરવ્યુ આપી શકશે નહીં. ચૂંટણી વિભાગે આ અંગે જરૂરી માર્ગદર્શિકા બહાર પાડી છે. વિભાગે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને આ આદેશોનું ચુસ્તપણે પાલન કરવા જણાવ્યું છે.

હિમાચલ પ્રદેશના ચુંટણી પ્રચારના અંતિમ સમયમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે પ્રેસ કોન્ફરન્સને સંબોધી હતી જે તેમણે રાજય અને કેન્દ્ર સરકારના કામની પ્રશંસા કરી મતદારોને ડબલ એન્જીનની સરકારને મત આપવા માટે આહ્વાન કર્યું હતું.જયારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાની પણ આજે હિમાચલમાં ૩ રેલી કરી હતી જેમાં સૌથી પહેલા તેઓ ફતેહપુરમાં ચૂંટણી જનસભાને સંબોધિત કરી હતી ત્યારબાદ ઘુમરવિન અને ઝંડુતા વિધાનસભા ક્ષેત્રમાં ચૂંટણી રેલી કરીને બિલાસપુર પરત ફર્યા હતાં પ્રચારના અંતિમ દિવસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કાંગડાના સુલ અને પાંચટાસાહિબમાં રેલીઓ કરી હતી બીજી તરફ આજે પ્રચારના અંતિમ દિવસે કોંગ્રેસે તમામ ૬૮ વિધાનસભા ક્ષેત્રમાં આશીર્વાદ રેલી યોજી હતી જેમાં કોંગ્રેસના તમામ ઉમેદવારોએ પહેલા મંદિરમાં જઈને ભગવાનના આશીર્વાદ લીધા અને ત્યારબાદ તેઓએ પોતાની તાકાત બતાવી હતી અને હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસ સત્તા પરિવર્તન માટે જોર જોરથી પ્રચાર કરશે. 'બૂથ જીતો હિમાચલ જીતો'ની શાનદાર સફળતા બાદ પાર્ટી વધુ એક ઐતિહાસિક જનસંપર્ક રેલી યોજવા જઈ રહી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ પ્રિયંકા ગાંધી શિમલામાં રોડ શોમાં ભાગ લીધો હતો અને ઘરે-ઘરે પ્રચાર કર્યો હતો.

હિમાચલ પ્રદેશના ૭૮૮૧ મતદાન કેન્દ્રો ઉપર ૧૨ નવેમ્બરે મતદાન થશે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી મનિષ ગર્ગે કહ્યું કે, પોલિંગ પાર્ટીઓ દૂર સુધીના મતદાન કેન્દ્રો માટે આજે અને નજીકના કેન્દ્રો માટે આજે રવાના થશે. ચૂંટણીપ્રચાર શાંત પડ્યા બાદ પાડોશી રાજયો સાથે જોડાયેલી હિમાચલની સીમાઓ સીલ કરી દેવામાં આવી છે જિલ્લા હેડક્વાર્ટરો અને શહેરો સાથે જોડાયેલા ક્ષેત્રોમાં કેન્દ્રીય સુરક્ષાદળ અને હિમાચલ પોલીસના ૩૫,૦૦૦ જવાનો ખૂણે ખૂણે તૈનાત રહેશે. હિમાચલમાં દારૂ, રોકડ અને ડ્રગ્સની ઘૂસણખોરી ન થઈ જાય તે માટે પોલીસે સઘન પેટ્રોલિંગ શરૂ કરી દીધું છે તો દરેક પોલિંગ પાર્ટી સાથષ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળના જવાનો તૈનાત રહેશે. જનજાતીય જિલ્લા લહોલ-સ્પીતિમાં બરફવર્ષાનો તબક્કો શરૂ થઈ ગયો છે. રહેણાક વિસ્તારોમાં અટકી અટકીને બરફવર્ષા થઈ રહી છે. બરફવર્ષા વધુ પડી તો ૧૨ નવેમ્બરે વિધાનસભા ચૂંટણી માટે મતદાન કરાવવું અધિકારીઓ અને કર્મચારીઓ માટે પડકારજનક હોઈ શકે છે. ખાસ કરીને સ્પીતિ ઘાટીમાં હવામાન મુશ્કેલી પેદા કરી શકે છે.

ઓપિનિયન પોલ પર પણ સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવશે. કોઈપણ વ્યક્તિ ચૂંટણીના ૪૮ કલાક પહેલા એટલે કે આજ સાંજથી કોઈપણ પ્રકારનો ઓપિનિયન પોલ આપી શકશે નહીં. જો કોઈ પણ જગ્યાએ સોશિયલ મીડિયા પર પોતાનો અભિપ્રાય આપતો જોવા મળશે, તો તેને આચારસંહિતાનો ભંગ ગણવામાં આવશે.

# ઘરની વહેંચણીને લઈને વિવાદ થતાં નાનાભાઈએ સીઆરપીએફમાં તહેનાત મોટા ભાઈની હત્યા કરી

મઉ,તા.૧૦

ઉત્તરપ્રદેશના મઉમાં બે નાના ભાઇઓએ લાકડીઓ,ડંડાથી પોતાના ભાઇની હત્યા કરી દીધી,કહેવાય છે કે દોહરીયાઘાટના જમુનીપુર ગામમાં જમીન વિવાદમાં સગા ભાઇઓ વચ્ચે મારપીટ થઇ આ મારપિટમાં ગંભીર રીતે ઘાયલ સીઆરપીએફ જવાન ૪૨ વર્ષીય મહેશ ખરાબ રીતે ઘાયલ થયો આથી તેને તાકિદે હોસ્પિટલ લઇ જવામાં આવ્યો હતો જયાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.જાણકારી અનુસાર પિતાની માહિતી પર સવારે ૧૦ વાગે ઘટના પર રસુલપુર ચોકી પોલીસ ગઇ હતી અને સમજાવીને તે ચાલી ગઇ હતી ત્યારબાદ બપોરે ફરી ભાઇઓ વચ્ચે વિવાદ ઉભો થયો અને મહેશની લાકડીઓ અને ડંડાથી પિટાઇ કરવામાં આવી જેમાં તેના માથા પર ગંભીર ઇજા પહોંચી અને તે બેભાન થઇ ગયો અને તેને હોસ્પિટલ લઇ જવામાં આવ્યો હતો અહીં પ્રાથમિક સારવાર બાદ તેને ડોકટરોએ જીલ્લા હોસ્પિટલ રેફર કરી દીધો હતો જયાં તેની હાલતમાં કોઇ સુધાર થયો નહીં અહીંથી તેને વારાણસી લઇ જવામાં આવ્યો હતો પરંતુ તેનું મૃત્યુ થયું હતું.મહેશ સીઆરપીએફ જવાન હતો અને તેની તહેનાતી ચંડીગઢમાં હતી તે રજાઓ લઇ પત્નીની સાથે પોતાના પૈતૃક ગામ જમુનીપુર આવ્યો હતો તે ત્રણ ભાઇઓમાં સૌથી મોટો હતો ભાઇઓમાં ઘર અને મિલ્કતની વહેચણીને લઇને વિવાદ ચાલતો હતો આ હત્યાની જાણ પોલીસને થતા જ પોલીસ ઘટના સ્થળ પહોંચી હતી અને શબને પોસ્ટમોર્ટમ માટે મોકલી મામલાની તપાસ શરૂ કરી છે.

# દિલ્હી લિકર પોલિસી કેસમાં EDનો સપાટો, બે ફાર્મા કંપનીઓના વડાની ધરપકડ

નવીદિલ્હી,તા.૧૦

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ નવી દિલ્હી એક્સાઈઝ પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં આજે વહેલી સવારે બે લોકોની ધરપકડ કરી છે.

ઈડીએ હૈદરાબાદ સ્થિત ઓરોબિંદો ફાર્મા લિમિટેડના ડિરેક્ટર શરદ રેડ્ડી અને પરનોદ રિકાર્ડ નામની દારૂની કંપનીના અધિકારી વિનય બાબુની ધરપકડ કરી છે. આ ધરપકડો સાથે, દિલ્હી એક્સાઈઝ પોલિસી સંબંધિત કેસમાં અત્યાર સુધીમાં કુલ પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા પાંચ પૈકી ઈડી દ્વારા ત્રણ અને સીબીઆઈ દ્વારા બે લોકોની ધરપકડ કરવામાં આવી છે.તાજેતરમાં જ સીબીઆઈએ સમીર મહંદ્રુ અને અભિષેક બોઈન્નાપિલ્લાઈની ધરપકડ કરીને જેલમાં મોકલી દીધા હતા. જ્યારે આ કેસમાં આરોપી દિનેશ અરોરાએ કોર્ટમાં અરજી દાખલ કરીને સરકારી સાક્ષી બનવાની અપીલ કરી છે.સપ્ટેમ્બરમાંએન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટેનવી એક્સાઈઝ પોલિસીમાં કથિત કૌભાંડના સંદર્ભમાં દિલ્હી સહિત લગભગ ૩૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા.

# ભૂકંપના વધુ એક આંચકાથી લોકો ભયભીત, ૨૪ કલાકમાં બીજી વખત ધ્રૂજી ધરતી

નવીદિલ્હી,તા.૧૦

ભારતના આંદામાન અને નિકોબાર દ્વિપમાં મોડી રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા છે. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનથી લગભગ ૧૦ કિમી નીચે હતું. મોડી રાત્રે લગભગ ૨.૨૯ મિનિટે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૩ માપવામાં આવી છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આ માહિતી જાહેર કરવામાં આવી છે. જો કે આ ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી. તમને જણાવી દઈએ કે આના એક દિવસ પહેલા જ ભારતમાં હિમાલયના વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

આ પહેલા ઉત્તારાખંડના કેટલાક વિસ્તારોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ખાસ કરીને હિમાલયના વિસ્તારોમાં આ આંચકા અનુભવાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, ભૂકંપનું કેન્દ્રબિંદુ કેન્દ્ર પાડોશી દેશ નેપાળમાં હતું. આ ભૂકંપના કારણે નેપાળમાં ઓછામાં ઓછા ૬ લોકોના મોત થયા છે. અનેક ઈમારતો અને સામાજિક સ્થળોએ ઈન્ફ્રાને નુકસાન થયાના અહેવાલો પણ મળ્યા છે. જો કે, ભારતમાં આ ભૂકંપને કારણે હાલ કોઈ નુકસાનની માહિતી નથી.

આ પહેલા ઉત્તારાખંડમાં થોડા કલાકોના ગાળામાં ભૂકંપના બે આંચકા અનુભવાયા હતા.

## તંત્રી સ્થાનેથી...

# ન્યાયને ગ્રહણ

SUPREME COURT OF INDIA



*સામુહિક દુષ્કર્મ અને હત્યાના એક કેસ મામલે સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ચુકાદાને પલટતાં આરોપીઓને જે રીતે શંકાનો લાભ આપીને છોડી મૂક્યા, તેનાથી પીડિત પરિવારની સાથે જ અન્ય ભદ્રજનોનું વિસ્મિત થવું સ્વાભાવિક છે. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય એટલા માટે પ્રશ્ન ઊભા કરનારો છે, કારણ કે નીચલી અદાલતે દિલ્હીના છાવલા ક્ષેત્રના આ ચર્ચિત કેસને દુર્લભ માનતાં આરોપીઓને મોતની સજા સંભળાવી હતી. આ સજા પર દિલ્હી હાઈકોર્ટે પણ પોતાની મહોર લગાવી હતી. ૨૦૧૨ના આ કેસમાં હવે સુપ્રીમ કોર્ટ એવા નિષ્કર્ષ પર પહોંચી કે નીચલી અદાલતો તરફથી આપવામાં આવેલ ચુકાદા યોગ્ય ન હતા. તેણે એ પણ જોયું કે આ કેસની તપાસ કરતાં પોલીસે પણ પોતાનું કામ યોગ્ય રીતે નથી કર્યું અને ફરિયાદ પક્ષે પણ તેમનું કામ નિષ્ઠાથી નથી કર્યું. બની શકે કે સુપ્રીમ કોર્ટના નિષ્કર્ષ સાચા હોય, પરંતુ શું તેનો અર્થ એ થાય કે ૧૯ વર્ષની એ કિશોરીની હત્યા કોઈએ નહોતી કરી અને તેની સાથે કોઈએ સામુહિક દુષ્કર્મ પણ નહોતું થયું? પ્રશ્ન એ પણ છે કે જો પોલીસ અને પછી અદાલતોએ પોતાનું કામ યોગ્ય રીતે નથી કર્યું તો શું તેના માટે તેમની કોઈ જવાબદારી નક્કી કરાશે? જો ન્યાય ન થઈ શકવા માટે જવાબદાર લોકોને જવાબદાર નહીં ઠેરવવામાં આવે તો પછી આ પ્રકારની વિસંગતિઓનો સિલસિલો અટકશે નહીં. કોઈ ગફલતનો ઉલ્લેખ કરવાથી જ વાત પૂરી નથી થઈ જતી. વાત ત્યારે પૂરી થાય છે જ્યારે તેનો નિકાલ કરવામાં આવે અને તેના માટે જવાબદાર લોકો વિરુદ્ઘ યથાસંભવ કાર્યવાહી કરવામાં આવે, જેથી તેઓ ભવિષ્યમાં ભૂલો કરવાથી બચે.*

*આ કોઈ પહેલો મામલો નથી, જેમાં હાઈકોર્ટના ફેંસલાને સુપ્રીમ કોર્ટે પલટી નાખ્યો હોય. જ્યારે કોઈ જઘન્ય કેસમાં આવું થાય છે તો તેનાથી ન્યાય પ્રક્રિયા જ કઠેરામાં ઊભેલી દેખાય છે. સાથે જ એ સવાલ પણ થાય છે કે જેમને સામુહિક દુષ્કર્મ અને હત્યાના દોષીત માનીને આટલો વખત જેલમાં રાખવામાં આવ્યા, તેમને ન્યાય કેવી રીતે મળશે? ન્યાય ફક્ત થવો જ ન જોઈએ, ન્યાય થતો દેખાવો પણ જોઈએ. શું એ યોગ્ય ન રહેત કે સુપ્રીમ કોર્ટ આ કેસની નવેસરથી તપાસ કરવાના આદેશ આપતી? આ પ્રકારના આદેશ જેસિકા લાલ હત્યાકાંડમાં આપવામાં આવ્યા હતા. જો એ કેસની તપાસ નવેસરથી થઈ શકે છે તો પછી આ કેસની કેમ નહીં? આ એ પ્રશ્ન છે, જેનો જવાબ મળવો જોઈએ. એની સાથે જ એના પર પણ ધ્યાન આપવું જોઈએ કે સુપ્રીમ કોર્ટને દિલ્હી હાઈકોર્ટના ૨૦૧૪ના નિર્ણયને સાંભળવામાં આઠ વર્ષ લાગી ગયા! આ અક્ષમ્ય વિલંબ પણ ન્યાયને લાગેલા ગ્રહણ વિશે ઘણું બધું કહી જાય છે.*

# પોલીસ તપાસમાં નોરા ફતેહીને કયા પ્રશ્નનો પૂછાયા ??

" આ નોરા ફતેહી કોણ છે, રાજુ?" મે તારક મહેતાના ઉલ્ટા ચશ્માનાં પાત્ર જેઠાલાલ જેવા જ લટુવેડા કરતા રાજુ રદીને પૂછયું.

"કેમ, ગિરધરભાઇ રૂપિયા વધી પડયા છે?? ચિટર સુકેશુની જેમ નોરા ફતેહીને ચણામમરાના પેકેટ ગિફટ કરવાનો નેક ઈરાદો છે? ભાભીને તો બંગડી,બોપટી , બોરીયા, બકલ કે નેકલેસ અપાવ્યા નહીં. સાચું જ કહ્યું છે કે વાંદરો ઘરડો થાય તે પણ ગુલાંટ ભૂલે નહીં!" રાજુએ કોને ખબર કયાં ભવની દાઝ ઉતારી!!

"રાજુ. નેતાલોગ જેમ બકવાસ કરીશ નહીં." તને ખબર ન હોય તો હું ગુગલમાં સર્ચ કરી લઈશ." મેં રાજુને ધમકી આપી.

" ગિરધરભાઇ . નોરાનો જન્મ ૬ ફેબ્રુઆરી ૧૯૯૨ના રોજ કેનેડામાં એક મોરોક્કન પરિવારમાં થયો હતો. અનેક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું કે ભારત હંમેશા તેમના દિલમાં રહે છે. નોરા બેલી ડાન્સની ઉત્તમ ડાન્સર છે. નોરાએ ફિલ્મોમાં સફળ થવા માટે આકરો સંઘર્ષ કર્યો છે. તેને લોકોના ખરાબ વર્તનનો કડવો અનુભવ થશે, તેનો અંદાજ ન હતે!!લોકોએ મારી મજાક તો ઊડાવી હતી, તો વળી મારો પાસપોર્ટ સુદ્ધાં ચોરી લીધો હતો.તેની પાસે પૂરતો અનુભવ નહોતો તેમ છતાં તે બોલીવૂડમાં કામ કરવા ઉત્સાહિત હતી. ભારત આવીને મને અનુભવ થયો કે હું જે વિચારીને આવી હતી તેના કરતા તો બધુ ઊલટું જ હતું.એની ધારણા હતી કે એરપોર્ટ પરથી મને લિમોઝિનમાં લઈ જવામાં આવશે. સારી ઊચ્ચગુણવત્તાયુક્ત હોટલના શ્યૂટમાં ઊતારો આપશે અને હું વટની સાથે ઓડિશન આપવા જઈશ. પરંતુ એવું કાંઈ જ થયું નહીં.મુંગેરીલાલ જેમ નોરા હસીન સપના જોતી હતી!!વો દિન કહાં કે નોરા કે પાંવ મેં જૂતી!!

તેના માટે આ સૌથી જડબાતોડ લપડાક હતી. લોકો તો મારી મજાક ઊડાવતા, મને રિજેક્ટ થવાના અનુભવ થવાથી દરદ ઘણું થયું હતું. મુંબઈમાં તેને આઠ-નવ યુવતીઓ સાથે રહેવું પડયું હતું. આ છોકરીઓ બહુ ચાલાક હતી અને નોરાનો પાસપોર્ટ પણ ચોરી લીધો હતો. તેમ છતાં તે હિંમત હારી નહોતી અને તેણે સંઘર્ષ ચાલુ રાખ્યો હતો. તેને કોઇએ એવી સલાહ નહોતી આપી કે તારો ભારત જવાનો મતલબ છે, સંઘર્ષ કરવાનો.તે ઘણા રિયાલિટી શોમાં પોતાનો ડાન્સ કરતી જોવા મળી છે. હિન્દી ફિલ્મ Roar: Tigers of Sundarbans થી ફિલ્મોમાં તેની કરિયરની શરૂઆત કરી હતી. આ પછી તે પુરી જગન્નાથની તેલુગુ ફિલ્મ ટેમ્પરમાં આઈટમ નંબર કરતી જોવા મળી હતી. તે છેલ્લે અજય દેવગણની ફિલ્મ 'ભુજ: ધ પ્રાઈડ ઓફ ઈન્ડિયા'માં મહત્વની ભૂમિકા ભજવતી જોવા મળી હતી. આ સિવાય તેણે ઘણી ફિલ્મોમાં શાનદાર આઈટમ નંબર કર્યા છે. જહોનની ફિલ્મ 'સત્યમેવ જયતે'ના ગીત 'દિલબર' પરનો તેમનો ડાન્સ ખૂબ જ લોકપ્રિય થયો હતો. આ સિવાય નોરા ઘણા રિયાલિટી શોમાં પણ જોવા મળી છે. તે ઈન્ડિયાઝ બેસ્ટ ડાન્સરમાં જજની ભૂમિકામાં પણ જોવા મળી હતી. તે હાલમાં ગુરુ રંધાવાના મ્યુઝિક વિડિયો 'ડાન્સ મેરી રાની' માટે ઘણી ચર્ચામાં છે."રાજુએ સર્ચ એન્જિન જેટલી માહિતી વોમિટિંગની જેમ ઓકી નાંખી!!" રાજુ. તારી નોરાને દિલ્હી પોલીસે કંઇ તપાસ માટે સમન કરી હતી?" મેં રાજુને ખુશ કરી સવાલ કર્યો!!" ગિરધરભાઇ . કોઇ સુકેશ ચંદ્રશેખર કરીને દિલ્હીનો ઠગ છે. એણે ૨૦૦ કરોડનું ગબન કે મની લોન્ડરિંગ કરેલ છે. ઠગીના રૂપિયામાંથી હીરોઇનોને મોંઘી ભેટ આપી સેલિબ્રિટી સાથે યહ નજદિકીયા વધારવાનો શોખ છે જેકલિન ફર્નાન્ડિઝને સુકેશે કરોડો રૂપિયાની ગિફ્ટ્સ આપી હતી. એમાં ૫૨ લાખનો એક અરબી ઘોડો, ૯.૯ લાખ રૂપિયાની ૩ બિલાડી, ડાયમંડ સેટ્સ જેવી મોંઘી ગિફ્ટ્સનો સમાવેશ થાય છે. જેકલિન માટે ચાર્ટર્ડ ફ્લાઈટ્સ પણ બુક કરી હતી અને ગોલ્ડ, ડાયમંડ જ્વેલરી, ઈમ્પોર્ટેડ ક્રોકરી પણ આપી હતી. નોરાને સુકેશે લગભગ એક કરોડ રૂપિયાની BMW અને એક આઈફોન ગિફ્ટ આપ્યો હતો. મની લોન્ડરિંગ કેસમાં એક્ટ્રેસ અને ડાન્સર નોરા ફતેહીની પૂછપરછ કરી હતી. રિપોર્ટ અનુસાર, દિલ્હી પોલીસે ૬ કલાક સુધી લગભગ નોરાની પૂછપરછ કરી હતી."રાજુએ કહ્યું

પોલીસે નોરાને છ કલાકમાં પચાસ સવાલ પૂછ્યા.છ કલાક એટલે ત્રણસો સાંઠ મિનિટ,૨૧૬૦૦ સેકન્ડસ. પોલીસે નોરાને ૭.૨ મિનિટે એક અને ૪૩૨ સેકન્ડે એસ સવાલ પૂછાયો!!

સાત મિનિટ વીસ સેકન્ડે કેવા સવાલો પૂછાયા હશે તેની કલ્પના જ કરવી રહી!!

પહેલો સવાલ: તમારું નામ શું?

બીજો સવાલ: તમારી અટક ફતેહી છે?

ત્રીજો સવાલ: અટકના હિસાબે ફકેહપુર સિક્રી સાથે સંબંધ છે કે ફતેહગઢ?

ચોથો સવાલ : મોરોકકો દેશ છે?

પાંચમો સવાલ: તમારી લિપસ્ટિકનો રંગ કયો છે?

છઠો સવાલ: લિપસ્ટિક કઇ કંપનીની છે? સેલમાં લીધેલી? કેટલું ડિસ્કાઉન્ટ મળેલ?

સાતમો સવાલ: તમારા એરીંગ્ઝ ગોલ્ડના છે? એક ગ્રામ સોના છે??

આઠમો સવાલ : તમે આટલી હિલના સેન્ડલ પહેરો તો પગ મચકોડીઇ જાય છે??

નવમો સવાલ: કપડાં લતા, ઘરેણાંમાં ખર્ચ કર્યા પછી બચત થાય છે? પૈસા શેમાં ઈન્વેસ્ટ કરો છો?

દસમો સવાલ: અમારી સાથે સેલ્ફી પડાવશો? સેલ્ફી પડાવવાનો ચાર્જ લેશો નહીંને?

અગિયારમો સવાલ: પોલીસનું ઈન્સ્ટા પેજ લાઇક કરશો??

બારમો સવાલ: એક કરોડમાં એકડા પછી કેટલા મીંડા આવે ??

તેરમો સવાલ?

બધા સવાલ અમે કરશું તો એસીપી,ડીસીપી જેપીસી કે પીસી તબલા વગાડશે?અમારી માફક તેમને પણ ભેજાનું દહીં (અહીં એક વાત નોટ કરી? અમને ભેજું હોવાનો ભ્રમ છે,તેને પોષવા માટે તમને લપેટી લીધા. આયલા સોલિડ દિમાગ લગાવ્યું!!) કરવા દો!!!

ભરત વૈષ્ણવ

૧૦.૧૧.૨૦૨૨.#હાસ્યલેખ

# નીરવ મોદીને ભારત લાવવો નહીં રહે સરળ, ભાગેડુ વેપારી પાસે હજુ પણ અનેક વિકલ્પ છે

### જ્યાં સુધી ત્યાંની કોર્ટ પોતાનો આદેશ જાહેર ન કરે ત્યાં સુધી તેને બ્રિટનમાંથી પ્રત્યાર્પણ કરી શકાશે નહીં

નવીદિલ્હી,તા.૧૦

ભાગેડુ હીરાના વેપારી નીરવ મોદીને ભારત લાવવો એટલું સરળ નથી. માત્ર લંડન હાઈકોર્ટના નિર્ણયથી તેને ભારત લાવવાનો રસ્તો સાફ થયો નથી. એટલા માટે કે ભાગેડુ વેપારી ચોક્કસપણે પ્રત્યાર્પણની એક પગલું નજીક આવી ગયો છે. નીરવ મોદીએ વેસ્ટમિન્સ્ટર કોર્ટના નિર્ણયને લંડન હાઈકોર્ટમાં પડકાર્યો હતો. તેમની અરજી પર આ વર્ષની શરૂઆતમાં હાઈકોર્ટ દ્વારા સુનાવણી કરવામાં આવી હતી, જેણે હવે ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે વેસ્ટમિન્સ્ટર કોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો હતો, જ્યાં તેના પ્રત્યાર્પણને સમર્થન આપવામાં આવ્યું હતું. આમ છતાં નીરવ મોદી પાસે બચવાના ઘણા રસ્તા છે.

ગુજરાતના હીરા વેપારી નીરવ મોદી ૧૧ હજાર કરોડથી વધુની પંજાબ નેશનલ બેંક ફ્રોડ કેસમાં આરોપી છે. તેને ભારત દ્વારા ભાગેડુ જાહેર કરવામાં આવ્યો છે અને તે ઘણા વર્ષોથી બ્રિટનમાં છે. જ્યાં સુધી ત્યાંની કોર્ટ પોતાનો આદેશ જાહેર ન કરે ત્યાં સુધી તેને બ્રિટનમાંથી પ્રત્યાર્પણ કરી શકાશે નહીં. હાઈકોર્ટનો નિર્ણય પણ આ કડીનો એક ભાગ છે. ભારતની જેમ બ્રિટનમાં પણ હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકાય છે અને નીરવ મોદી માટે આ રસ્તો હજુ પણ ખુલ્લો છે.નીરવ મોદી સુપ્રીમ કોર્ટમાં ત્યારે જ અપીલ કરી શકે છે જો હાઈકોર્ટ તેને સંમત ન કરે. જો હાઈકોર્ટ માને છે કે નીરવ મોદીનો કેસ સામાન્ય જાહેર મહત્વના કાયદાના કોઈપણ મુદ્દા પર છે તો તે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવા માટે મુક્ત રહેશે. આ પછી નીરવ મોદી પાસે બ્રિટિશ સુપ્રીમ કોર્ટમાં જવા માટે ૧૪ દિવસનો સમય રહેશે. જો ભાગેડુ બિઝનેસમેનની યુકેની અન્ય કોર્ટમાં અપીલ બંધ થઈ જાય તો પણ તેની પાસે અન્ય ઉપાય બાકી રહેશે.

જો નીરવ મોદીને બ્રિટિશ સુપ્રીમ કોર્ટમાં જવાનો રસ્તો બંધ કરવામાં આવે છે અથવા જો સુપ્રીમ કોર્ટ હાઈકોર્ટના નિર્ણયને યોગ્ય માને છે તો તે યુરોપિયન કોર્ટ ઓફ હ્યુમન રાઈટ્સમાં નિયમ-૩૯ હેઠળ અપીલ કરી શકે છે. નિયમ ૩૯ હેઠળ કોઈપણ વચગાળાનો આદેશ પસાર કરી શકાય છે. જો કે આ નિયમો ત્યારે જ લાગુ થશે જ્યારે ખૂબ જ ઓછા સમયમાં મોટું નુકસાન થવાની સંભાવના હોય. સરળ શબ્દોમાં કહીએ તો આ નિયમ હેઠળ કોઈપણ આદેશ ત્યારે જ પસાર કરવામાં આવે છે, જ્યારે કોઈ વ્યક્તિના જીવને જોખમ હોય અથવા અમાનવીય વર્તનની આશંકા હોય.હાઈકોર્ટના નિર્ણય સામેની અપીલને લઈને નીરવ મોદીના વકીલ તરફથી કોઈ નિવેદન બહાર આવ્યું નથી. હવે ખાસ વાત એ છે કે નીરવ મોદી કોર્ટમાં ભારતની જેલોનો ઉલ્લેખ કરી રહ્યો છે કે જો તેને ભારત પ્રત્યાર્પણ કરવામાં આવે તો તે ભારતની જેલમાં આત્મહત્યા પણ કરી શકે છે. નીરવ મોદીના વકીલે કોર્ટમાં દલીલ કરી હતી કે ભારતીય જેલોની હાલત ખૂબ જ ખરાબ છે અને આવી સ્થિતિમાં તે ડિપ્રેશનનો શિકાર બની શકે છે અને આત્મહત્યા કરી શકે છે. નીરવની આ દલીલને નકારતા હાઈકોર્ટે તેની અપીલ ફગાવી દીધી છે.

# મૈનપુરી લોકસભા પેટાચૂંટણીમાં સપાએ ડિમ્પલ યાદવને ઉમેદવાર બનાવ્યા

લખનૌ,તા.૧૦



સમાજવાદી પાર્ટીએ મૈનપુરી લોકસભા પેટાચૂંટણી માટે ઉમેદવારની જાહેરાત કરી દીધી છે. પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવના પત્ની અને પૂર્વ સાંસદ ડિમ્પલ યાદવ ચૂંટણી લડશે. આ સીટ મુલાયમ સિંહ યાદવના નિધન બાદ ખાલી પડી હતી. મૈનપુરી સીટ પર યાદવ પરિવારનો વર્ષોથી કબ્જો છે.મુલાયમ સિંહ યાદવની રાજકીય વિરાસતને હવે ડિમ્પલ યાદવ સંભાળશે.

૪૪ વર્ષિય ડિમ્પલ યાદવે પોતાની પ્રથમ ચૂંટણી ૨૦૦૯માં લડી હતી, જ્યારે અખિલેશ યાદવે ફિરોઝાબાદ સીટ છોડી હતી. આ પેટાચૂંટણીમાં ડિમ્પલ યાદવને પ્રખ્યાત અભિનેતા અને રાજનેતા રાજ બબ્બરના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યાર બાદ ૨૦૧૨માં કન્નૌજ લોકસભા સીટ પર પેટાચૂંટણી થઈ હતી, જેમાં ડિમ્પલ યાદવે બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.

ત્યાર બાદ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પણ ડિમ્પલ યાદવે કન્નૌજથી ચૂંટણી લડી હતી અને જીતી ગયા હતા, પણ ૨૦૧૯માં તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. ભાજપના સુબ્રત પાઠકે ડિમ્પલને યાદવને ૧૦ હજાર મતથી હરાવ્યા હતા. હવે અખિલેશ યાદવે ડિમ્પલને મૈનપુરીથી ચૂંટણી લડાવી રહ્યા છે. આ સીટ પર ૧૯૯૬થી સપા જીતતું આવ્યું છે.

# રાજકોષીય ખાધને રોકવા સરકાર લગામ કસશે

નવીદિલ્હી તા.૧૦

કેન્દ્ર સરકાર હાલના નાણાકીય વર્ષમાં રાજકોષીય નુકસાનને નિશ્ચિત લક્ષ?યમાં રાખવા માટે સરકારી ખર્ચમાં ત્રણ વર્ષમાં પહેલી વાર કપાત કરી શકે છે. આ કપાત ચાલુ નાણાકીય વર્ષની અંતિમ ત્રિમાસિકમાં કરી શકે છે. ખર્ચમાં કપાત એ રીતે કરવામાં આવશે, જેથી જીડીપી ગ્રોથ પર તેની અસર ઓછામાં ઓછી પડે. ઉલ્લેખનીય છે કે સરકાર પહેલા પણ કહી ચૂકી છે કે ચાલુ નાણાકીય વર્ષમાં રાજકોષીય નુકસાનને જીડીપીના ગુણોતરમાં ૬.૪ ટકા રાખવા માટે તે દરેક સંભવ પ્રયાસ કરશે.

સરકાર નાણાકીય નુકસાન પર લગામ લગાવવાના ઉપાય કરી રહી છે, જે હાલ ૪થીપ ટકાના ઐતિહાસિક સ્તરથી ઉપર છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૦-૨૧માં કોરોના મહામારીના પહેલા વર્ષ દરમિયાન નુકસાન ૯.૩ ટકા વધી ગયું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ બારામાં મહામંથન ચાલી રહ્યું છે. કયા કયા સરકારી ખર્ચમાં કાપ મુકવામાં આવે તે બારામાં હજુ નિર્ણય નથી લેવામાં આવ્યા. સરકારી આવક અને ખર્ચ વચ્ચેના અંતરને રાજકોષીય નુકસાન કહેવામાં આવે છે. ૧ એપ્રિલથી શરૂ થયેલા ૨૦૨૨-૨૩ના નાણાકીય વર્ષમાં કુલ સરકારી ખર્ચ ૩૯.૪૫ લાખ કરોડ થઈ શકે છે. રાજકીય નુકસાન નિશ્ચિત લક્ષ?યની અંતર રહે તે માટે પગલા પણ ઉઠાવવામાં આવશે.

આઈએમએફે સ્પષ્ટ કહ્યું છે કે આગામી નાણાકીય વર્ષમાં ગ્લોબલ મંદી આવી શકે છે તેથી હાલત બગડી શકે છે. આ કારણે જ સરકાર ચાલુ ખાતાના મોરચે વધુ રિસ્ક લેવા નથી માંગતી. બીજી બાજુ ગ્લોબલ રેટીંગ એજન્સી ફિચ રેટીંગ્સનું કહેવું છે કે ભારત ચાલુ નાણાકીય વર્ષમાં રાજકોષીય નુકસાનનું લક્ષ?ય હાંસલ નહીં કરી શકે. ભારતનું નાણાકીય નુકસાન નિશ્ચિત લક્ષ?યથી વધુ હશે. ફિચનું કહેવું છે કે ભારતની ઈકોનોમીની જે હાલત છે તેને જોતા ભારતને સબસીડી અને અન્ય બાબતોમાં વધુ ખર્ચ કરવો પડશે, ત્યારે તેનો ખર્ચ વધતો જશે.

કાનૂનની દેવી  
હવે સાડી નહીં ચાલે,  
દેવી સલવાર ચડાવો.  
હવે પુસ્તકો નહીં ચાલે,  
દેવી હથિયાર સજાવો.  
દેવી ત્રાજવું નહીં ચાલે,  
દેવી તલવાર ચડાવો.  
આંખે પટી નહીં ચાલે,  
દેવી ક્રોધાંગાર પેટાવો.  
શંકાનો લાભ ન ચલાવો,  
દેવી ગુનેગારને સજા કરો.  
ભરત વૈષ્ણવ  
૧૦.૧૧.૨૦૨૨.#કવિતા

## અમિત શાહની અધ્યક્ષતામાં

# આઈબીના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ, દેશની આંતરિક સુરક્ષા પરિદ્રશ્યની સમીક્ષા થઈ

નવીદિલ્હી,તા.૧૦

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સુરક્ષા એજન્સીઓના અધિકારીઓ સાથે નિયમિતપણે યોજાતી બેઠકોની શ્રેણીનો આ એક ભાગ છે.આ બેઠક સવારે ૧૧ વાગ્યે શહેરના એક ગુપ્ત અને અત્યંત સુરક્ષિત સ્થળે શરૂ થઈ હતી અને સાંજે ૫ વાગ્યા સુધી ચાલી હતી.અમિત શાહે સમગ્ર આંતરિક સુરક્ષા પરિદ્રશ્યની પણ સમીક્ષા કરી હતી.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે બુધવારે દિલ્હીમાં દેશભરના ઈન્ટેલિજન્સ બ્યુરો અધિકારીઓની એક દિવસીય ઉચ્ચ પ્રોફાઈલ બેઠકની અધ્યક્ષતા કરી હતી. જેમાં આતંકવાદ, ડાબેરી ઉગ્રવાદ અથવા નક્સલવાદ, સરહદી બાબતો, સાયબર સુરક્ષા અને તકનીકી અપગ્રેડેશનના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ટોચના સરકારી સૂત્રોએ સમાચાર એજન્સીને જણાવ્યું હતું.

શાહે દેશની આંતરિક સુરક્ષાની સ્થિતિ, આતંકવાદનો ખતરો અને કેન્દ્ર અને રાજ્ય એજન્સીઓ વચ્ચે સંકલનની જરૂરિયાતનું મૂલ્યાંકન કર્યું. કેન્દ્રીય ગૃહ પ્રધાન તરીકે અમિત શાહ દેશભરની સુરક્ષા એજન્સીઓ અને પોલીસના અધિકારીઓ સાથે નિયમિતપણે યોજાતી બેઠકોની શ્રેણીનો આ એક ભાગ છે. મીટિંગમાં, શાહે સુરક્ષા એજન્સીઓ અને ગુપ્તચર સંસ્થાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો કે તે આતંકવાદી નેટવર્કને એકલતામાં લડે અને સમગ્ર આતંકવાદી ઈકોસિસ્ટમને તોડી નાખે.

મોદી સરકાર સુરક્ષાના તમામ પાસાઓને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે તેના પર ભાર મૂકતા, શાહે ે ્ની "આઝાદી પછી, અનામી અને કોઈપણ અપેક્ષા વિના" દેશમાં શાંતિ જાળવવામાં ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. "અમારી લડાઈ આતંકવાદ અને તેની સહાયક પ્રણાલી સામે છેપ જ્યાં સુધી આપણે બંને સામે મજબૂતીથી લડીશું નહીં ત્યાં સુધી આતંકવાદ સામે જીત મેળવી શકાશે નહીં," તેમણે આઈબીના વરિષ્ઠ અધિકારીઓને કહ્યું.

શાહે માહિતીની વહેંચણીની પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવા અને રાજ્યોની આતંકવાદ વિરોધી અને ડ્રગ વિરોધી એજન્સીઓ વચ્ચે સંપર્ક વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. માદક દ્રવ્યોને એક ખતરનાક તરીકે વર્ણવતા કે દેશના યુવાનોને બરબાદ કરીને તેની આંતરિક સુરક્ષા પર હુમલાઓ માટે પણ ભંડોળ ઊભું કરે છે, કેન્દ્રીય મંત્રીએ આઈબીના અધિકારીઓ અને રાજ્યની કાયદા અમલીકરણ એજન્સીઓને નાર્કો-ટેરર નેટવર્કને સંપૂર્ણપણે નાબૂદ કરવા જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે શાહે દેશમાં કડક આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સમગ્ર આંતરિક સુરક્ષા પરિદ્રશ્ય, ગુપ્ત માહિતી એકત્રીકરણ નેટવર્ક અને અન્ય પાસાઓનો પણ સ્ટોક લીધો હતો

.આ બેઠકમાં ગુપ્તચર માહિતી સંબંધિત મુદ્દાઓ સાથે સંબંધિત દેશભરમાંથી અનેક વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો. કેન્દ્રીય ગૃહ સચિવ અજય કુમાર ભલ્લા અનેૈ્વડા તપન ડેકા પણ બેઠકમાં હાજર રહેલા ટોચના અધિકારીઓમાં સામેલ હતા. ગૃહ પ્રધાન દ્વારા તાજેતરમાં હરિયાણામાં ગૃહ પ્રધાનો, અધિકારીઓ અને રાજ્ય પોલીસ અધિકારીઓ સાથે ચિંતન શિવરનું આયોજન કર્યાના થોડા દિવસો બાદ આ બેઠક થઈ હતી

# મધ્યપ્રદેશમાં કાગડાઓ માટે પાર્ક બનાવાયું,જલેબી કચોરી સહિતના પકવાન પિરસવામાં આવે છે



## શહેરના લોકોનું કહેવુ છે કે કાગ ઉધાન બનવાથી શહેરને ઇકો સિસ્ટમ પણ ખુબ હદ સુધી યોગ્ય થઇ છે

વિદિશા,તા.૧૦


પિતૃ પક્ષમાં દરેક કોઇ કાગડા માટે ભોજન અલગ કાઢે છે માન્યતા છે કે જો કાગડાને ભોજન આપવામાં આવે તો તેનાથી પિતૃઓની આત્મા તૃપ્ત થઇ જાય છે પરંતુ કંક્રીટના વધતા જંગલોના કારણે કાગડાઓ લુપ્ત થઇ રહ્યાં છે આવામાં તેમને બચાવવા માટે મધ્યપ્રદેશના વિદિશામાં એક અનોખી પહેલ કરવામાં આવી છે.

અહીં મુક્તિધામમાં કાગ ઉદ્યાન બનાવવામાં આવ્યું છે.અહીં આ પક્ષીઓને સમોસા,જલેબી,કચોરી અને બિસ્કીટ વગેરે અલગ અલગ જગ્યા પર પિરસવામાં આવે છે કેટલાક વર્ષોથી આ મુક્તિધામના કાગ ઉદ્યાનની ચર્ચા દુર દુર સુધી થઇ રહી છે તેને બનાવવાનો વિચાર શહેરના એક સમાજસેવી મનોડ પાંડેને આવ્યો હતો.

મનોજ પાંડેએ કહ્યું કે શહેરમાં કાગડાની સંખ્યા દિવસે દિવસ ઓછી થતી જાય છે સ્થિતિ એ છે કે શ્રાદ્ધના દિવસોમાં પણ કાગડા શોધતા પણ મળતા નથી ત્યારે તેને આવો પાર્ક બનાવવાનો વિચાર આવ્યો તેમને મુક્તિધામની આસપાસ કાગડા જોવા મળતા હતાં આથી તેમણે અહીં જ કાગ ઉદ્યાન બનાવ્યું મુક્તિધામના સચિવ મનોજ પાંડે બતાવે છે કે લોકોને મુક્તિધામને લઇ ખુબ ભ્રમણા છે હું આ ભ્રમણાને દુર કરવા ઇચ્છતો હતો આથી મેં નક્કી કર્યું કે હું દરરોજ મુક્તિધામ જઇશ.હું એક બ્રાહ્મણ પરિવારથી આવું છું અને જનોઈધારી છું મુક્તિધામ આવવા માટે જનોઇ પણ ઉતારવી પડે છે. હું મુક્તિધામ દરરોજ આવું છું અને ત્યાં આ રીતની સેવા કરૂ છું તો મને બધા કહે છે કે પાગલ થઇ ગયો છે પરંતુ હું જનોઇ ઉતારી અહીં આવવા લાગ્યો અને સમાજના બીજા લોકોને પણ મારા આ મિશનમાં જોડતો રહ્યો અને ધીમે ધીમે શહેરના લોકોને મુક્તિધામ અને કાગ ઉદ્યાનની વ્યવસ્થા પસંદ આવવા લાગી અને લોકો અહીં આવતા થયા અને રસ્તામાં જે પણ દુકાન આવે તેમાંથી કાગડાઓ માટે જલેબી સમોસા કચોરી બિસ્કીટ નમકીન સહિત જેને જે આપવું હોય તે દરરોજ મને આપે છે અને હું કાગડાઓને ખવડાવું છું.શહેરના લોકોનું કહેવુ છે કે કાગ ઉદ્યાન બનવાથી શહેરને ઈકો સિસ્ટમ પણ ખુબ હદ સુધી યોગ્ય થઇ છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No : 120

શબ્દ : વીરતા પરમો ધર્મ
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શીર્ષક : વીરતા પરમો ધર્મ
શબ્દ : ૭૧

સત્ય સનાતન ધર્મ એટલે વીરતા પરમો ધર્મ,
સદ્‌ગુરૂ સાનિધ્યમાં રહેવું એ વીરતા પરમો ધર્મ.
માનવસેવાનું કાર્ય એટલે વીરતા પરમો ધર્મ,
કોઈને મદદરૂપ થવું એટલે વીરતા પરમો ધર્મ.
રસ્તે પડેલો પથ્થર દૂર કરો એ વીરતા પરમો ધર્મ,
દુઃખિયાના આંસુ લૂછો એટલે વીરતા પરમો ધર્મ.
સ્ત્રી સામર્થ્યનું સૌભાગ્ય એ વીરતા પરમો ધર્મ,
સ્ત્રી ગૌરવશાળી ગૌરવવંતુ એ વીરતા પરમો ધર્મ.
માતા-પિતાનું સ્મરણ એટલે વીરતા પરમો ધર્મ,
"રમા" કહેતા સંતાનસુખ એટલે વીરતા પરમો ધર્મ.

રમીલાબેન ડી મકવાણા "રમા"
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

### ડેઈલી માર્કેટ રિપોર્ટ

# એમસીએક્સ પર ક્રૂડ તેલ, નેચરલ ગેસના વાયદાના ભાવમાં નરમાઈનો માહોલ

**સોનાનો વાયદો રૂ.૬૮ વધ્યોઃ ચાંદી રૂ.૧૬૭ ઢીલીઃ કોટનનો વાયદો ગાંસડીદીઠ રૂ.૩૯૦ ગબડ્યોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૮૮૫૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૧૧૮૭૯ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૨૬ કરોડનાં કામકાજ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૫૪,૧૫૦ સોદાઓમાં કુલ રૂ.૨૦,૭૫૪.૮૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૮૮૪૯.૮૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૧૮૭૮.૮૫ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૬,૦૪૪ સોદાઓમાં કુલ રૂ.૪,૪૫૯.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૫૪૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૬૭૪ અને નીચામાં રૂ.૫૧,૪૮૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૮ વધી રૂ.૫૧,૫૭૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૧ વધી રૂ.૪૦,૮૭૬ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨ વધી રૂ.૫,૧૦૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૪૬૯ના ભાવે ખૂલી, રૂ.૭૨ વધી રૂ.૫૧,૫૪૬ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૩૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૬૦૭ અને નીચામાં રૂ.૬૧,૧૩૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૧૬૭ ઘટી રૂ.૬૧,૩૯૪ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૧૫૧ ઘટી રૂ.૬૧,૬૨૧ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૩૧ ઘટી રૂ.૬૧,૬૬૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૬,૧૯૯ સોદાઓમાં રૂ.૨,૪૫૨.૮૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૯૦ ઘટી રૂ.૧૯૯.૮૦ અને જસત નવેમ્બર વાયદો રૂ.૩.૩૫ ઘટી રૂ.૨૫૭ના ભાવ થયા હતા. આ સામે તાંબુ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૬૦ ઘટી રૂ.૬૭૬.૮૫ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ ઘટી રૂ.૧૮૦ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૬,૨૬૯ સોદાઓમાં કુલ રૂ.૧,૮૬૯.૨૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૦૨૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૦૪૯ અને નીચામાં રૂ.૬,૯૫૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૮૭ ઘટી રૂ.૬,૯૭૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪૦ ઘટી રૂ.૪૮૦.૯૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૬૯૪ સોદાઓમાં રૂ.૬૭.૯૮ કરોડનાં કામકાજ થયા હતા. કોટન નવેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૨,૬૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૨,૯૮૦ અને નીચામાં રૂ.૩૨,૩૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૯૦ ઘટી રૂ.૩૨,૪૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૮૦ ઘટી રૂ.૯૬૦.૯૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૯૧૦.૬૧ કરોડનાં ૩,૬૯૯.૬૦૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૫૪૯.૧૪ કરોડનાં ૪૧૩.૩૩૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૯૨૪.૨૮ કરોડનાં ૧૩,૨૦,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૯૪૫ કરોડનાં ૧૯૪૪૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૬૩.૮૧ કરોડનાં ૧૯૮૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૪.૧૭ કરોડનાં ૪૩.૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૨૭૨.૪૨૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૮૬.૯૭૪ ટન, ક્રૂડ તેલમાં ૧૦૫૮૫૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૪૮૬૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૯૦૬૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૮૦.૨૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૬.૧૭ કરોડનાં ૩૬૩ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ નવેમ્બર વાયદો ૧૪,૪૧૪ના સ્તરે ખૂલી, ૬ પોઈન્ટ વધી ૧૪,૪૧૨ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૧,૮૭૮.૮૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૦૯.૦૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૧૬.૨૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯,૩૦૧.૭૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૮૫૧.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૫૧.૨૩ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૧.૯૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૧૭.૨૦ અને નીચામાં રૂ.૧૬૭ રહી, અંતે રૂ.૪૯ ઘટી રૂ.૧૭૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૬.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૩૯ અને નીચામાં રૂ.૩૧.૪૦ રહી, અંતે રૂ.૦.૧૫ વધી રૂ.૩૪.૬૦ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫ ખૂલી, ઊપરમાં રૂ.૬ અને નીચામાં રૂ.૪ રહી, અંતે રૂ.૧ ઘટી રૂ.૪.૫૦ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૮૩.૫૦ અને નીચામાં રૂ.૫૦ રહી, અંતે રૂ.૧૮ વધી રૂ.૭૨.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯૮૩ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૨૬ અને નીચામાં રૂ.૮૫૦ રહી, અંતે રૂ.૬૨.૫૦ ઘટી રૂ.૧,૦૦૫.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૮ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૨.૫૦ અને નીચામાં રૂ.૧૬૫.૫૦ રહી, અંતે રૂ.૪૨.૭૦ વધી રૂ.૨૦૨.૧૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૪૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૯.૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૫ અને નીચામાં રૂ.૩૫.૮૦ રહી, અંતે રૂ.૧.૮૫ વધી રૂ.૪૨.૧૫ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૮ ખૂલી, ઊપરમાં રૂ.૨૭૭.૫૦ અને નીચામાં રૂ.૨૩૬ રહી, અંતે રૂ.૨૬.૫૦ ઘટી રૂ.૨૬૧ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૪૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૪ ખૂલી, ઊપરમાં રૂ.૬૭ અને નીચામાં રૂ.૩૫ રહી, અંતે રૂ.૧ વધી રૂ.૪૫ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૫૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫૫૦.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૫૦.૫૦ અને નીચામાં રૂ.૩૫૪ રહી, અંતે રૂ.૮.૫૦ વધી રૂ.૪૩૬.૫૦ થયો હતો.

### મુખ્યમંત્રી બનતે બનતે રહે ગયે!

# નીતિન પટેલ ૩ વાર મુખ્યમંત્રી બનતા બનતા રહી ગયા હતા,રાજકીય સફળ પુરી થઇ

**નીતિન પટેલ અગ્રેસર દાવેદારી હતી પણ છેલ્લી ઘડીએ ભૂપેન્દ્ર પટેલની મુખ્યમંત્રી તરીકે ઘોષણા કરવામાં આવી હતી**

ગાંધીનગર,તા.૧૦

ગુજરાતમાં હાલ ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે ગઈકાલે ભાજપ કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં ગુજરાતના ઉમેદવારના ફાઈનલ નામ પર મહોર લાગી છે, આ બેઠક પહેલા જ અનેક વરિષ્ઠ અને દિગ્ગજ નેતાઓએ ટિકિટની દાવેદારી પાછી ખેંચી લીધી હતી. હવે તેઓ વિધાનસભાની ચૂંટણી લડશે નહીં. ભાજપના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની રાજકિય સફર પણ અહી પુરી થતા જોવા મળી રહી છે. નીતિન પટેલની રાજકીય કારકિર્દી પર નજર કરીએ તો તેમની કારકિર્દી ૪ દશકા લાંબી છે. જોકે આ દરમિયાન તેઓ ૩ વાર મુખ્યમંત્રી બનતા બનતા રહી ગયા હતા.



નોંધનીય છે કે ભાજપના વરિષ્ઠ અને દિગ્ગજ નેતા નીતિન પટેલ આ વિધાનસભાની ચૂંટણી લડવા નથી,નીતિન પટેલની કારકિર્દી શાનદાર શરૂ થઈ હતી. જોકે ૨૦૦૨માં તેઓ ચૂંટણી હારી ગયા હતા પરંતુ ૨૦૦૭માં કડી બેઠક પરથી જ ફરીથી તેઓ કડી બેઠક પર જીત્યા હતા. આ કમબેક પછી તેમને પાછળ વળીને ક્યારેય જોયું નથી. ઉલ્લેખનીય છે કે આનંદી બહેન પટેલ જ્યારે મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમની સાથે નીતિન પટેલનું નામ પણ જોરશોરથી ચર્ચાઈ રહ્યું હતું. જોકે આ દરમિયાન આનંદી બેન પટેલને તક મળી હતી. કેટલાક કારણોસર જ્યારે આનંદી બેન પટેલે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું ત્યારે ફરી એકવાર એવી ચર્ચાએ જોર પકડ્યું હતું કે હવે નીતિન પટેલ ગુજરાતના મુખ્યમંત્રી બની શકે છે.પરતું એવું બની શક્યું નહીં. ગુજરાતના નવા મુખ્યમંત્રી નીતિન પટેલ છે અને અમે તેની તૈયારી કરી રહ્યાં હતા. જો કે અમિત શાહની પસંદ વિજય રૂપાણી રહ્યાં હતા પરંતુ નીતિન પટેલની નારાજગીના કારણે છેવટે તેમને નાયબ મુખ્યમંત્રીનું પદ આપવામાં આવ્યું હતું.

વિજય રૂપાણીએ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યા બાદ નવા મુખ્યમંત્રીના નામ પર ગુજરાતમાં ચર્ચાઓ શરૂ થઈ હતી,આ રેસમાં પણ નીતિન પટેલ અગ્રેસર દાવેદારી હતી પણ છેલ્લી ઘડીએ ભૂપેન્દ્ર પટેલની મુખ્યમંત્રી તરીકે ઘોષણા કરવામાં આવી હતી. નીતિન પટેલ ૩ વાર મુખ્યમંત્રી બનતા બનાત રહી ગયા હતા.

નોંધનીય છે કે ૨૨ જૂન ૧૯૫૬માં નીતિન પટેલનો જન્મ વીસનગર ખાતે થયો હતો.

તેમના દાદાને તેલ અને કાપડનો વેપાર હતો. આ દરમિયાન તેઓ કૌટુંબિક વેપારમાં પણ આગળ વધી શક્યા હોત પરંતુ નીતિન પટેલે યુવાનાવસ્થાથી જ રાજકારણમાં રસ દાખવ્યો હતો. તેમણે રાજકીય કારકિર્દી આગળ વધારવા માટે બી.કોમ.નો અભ્યાસ અધૂરો છોડીને રાજકારણમાં જંપલાવ્યું હતું.

# અમદાવાદમાં ટિકિટ ફાળવણીમાં પટેલ અને બ્રાહ્મણોનું વર્ચસ્વઃ ૧૯માંથી દસ ટિકિટ બેના ફાળે

## અમદાવાદ શહેર અને જિલ્લાની થઈને કુલ ૨૧ વિધાનસભા મતવિસ્તારની બેઠકોમાંથી ૧૯ના ઉમેદવાર જાહેર કર્યા છે.

અમદાવાદ,તા.૧૦

ભાજપે વિધાનસભા ચૂંટણી ૨૦૨૨નું બ્યુગલ ફૂંકતા એક જ ઝાટકે તેના ૧૬૦ ઉમેદવાર જાહેર કરી દીધા છે. તેમા અમદાવાદ શહેર અને જિલ્લાની થઈને કુલ ૨૧ વિધાનસભા મતવિસ્તારની બેઠકોમાંથી ૧૯ના ઉમેદવાર જાહેર કર્યા છે. અમદાવાદમાં સાણંદ અને વટવા બેઠક પરના ઉમેદવારની હજી સુધી જાહેરાત કરાઈ નથી. તેની સાથે ભુપેન્દ્ર પટેલ ઘાટલોડિયા વિધાનસભા બેઠક માટે ઉમેદવાર છે.

જ્ઞાતિના ધોરણે જોઈએ તો બ્રાહ્મણને ચાર, પટેલને છ, વાણિયાને બે, ઓબીસીને ચાર, એસસીને બે ટિકિટ મળી છે. આમ અમદાવાદમાં ટિકિટ વહેંચણીમાં બ્રાહ્મણ પટેલનું વર્ચસ્વ રહ્યું છે. તેની સામે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં અમદાવાદમાં શહેર અને જિલ્લાની થઈને ૨૧ બેઠકોમાં ભાજપે જાહેર કરેલા ઉમેદવારોમાં આઠ પટેલોને ટિકિટ આપી હતી.

પાટીદાર આંદોલનના આક્રોશને ઠારવાના વ્યૂહરૂપે ભાજપે વધુને વધુ પટેલોને ટિકિટ આપવાનો વ્યૂહ અપનાવ્યો હતો.



તેમા વર્તમાન મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલને ઘાટલોડિયામાંથી ટિકિટ આપવામાં આવી હતી. ભાજપનો આ વ્યૂહ મહદઅંશે ફળ્યો પણ હતો ભાજપ કુલ ૨૧ બેઠકમાંથી ૧૫ જીત્યું હતુ અને પટેલોને ફાળવેલી આઠ ટિકિટમાંથી સાત ટિકિટ પર પટેલોએ જીતીને અનામત આંદોલનની અસરને ખાળી હતી. જ્યારે બ્રાહ્મણોમાં ફક્ત એક ભૂષણ ભટ્ટને ટિકિટ આપી હતી અને ભૂષણ ભટ્ટ પણ હાર્યા હતા.

જ્યારે ભાજપના યુવા મોરચાના પ્રમુખ અમિત ઠાકરને ટિકિટ માટેનો લાંબો ઇંતેજાર ફળ્યો છે. તેમને અમદાવાદ વેજલપુરની ટિકિટ મળી છે. એલિસબ્રિજમાંથી અમિત શાહને ટિકિટ મળી છે. નારણપુરામાંથી જીતેન્દ્ર પટેલને ટિકિટ મળી છે. નિકોલમાંથી જગદીશ પંચાલને ટિકિટ મળી છે, નરોડામાંથી પાયલ કુકરાણીને ટિકિટ મળી છે. કંચનબેનને ઠક્કરબાપા નગરમાંથી ટિકિટ મળી છે. બાપુનગરમાંથી દિનેશ કુશવાહને ટિકિટ મળી છે. અમરાઈવાડીમાંથી ડો. હસમુખ પટેલને ટિકિટ મળી છે. કૌશિક જૈનને દરિયાપુરમાંથી ટિકિટ મળી છે.કૌશિક જૈનને દરિયાપુરમાંથી ટિકિટ મળી છે. ભૂષણ ભટ્ટને જમાલપુર ખાડિયામાંથી ટિકિટ મળી છે.

અમુલ ભટ્ટને મણિનગરમાંથી ટિકિટ મળી છે. દાણી લીમડામાંથી નરેશ વ્યાસને ટિકિટ મળી છે. સાબરમતીમાંથી ડો. હર્ષદ પટેલને ટિકિટ મળી છે. અસારવામાં એસસી માટે અનામત બેઠક પર દર્શના વાઘેલાને ટિકિટ મળી છે. દસક્રોઈમાંથી રાબેતા મુજબ બાબુ પટેલને ટિકિટ મળી છે. ધોળકામાં કિરીટ ડાભીને ટિકિટ મળી છે. ધંધુકામાં કાનન ડાભીને ટિકિટ મળી છે. આમ ૧૯માંથી ત્રણ મહિલા અને ૧૬ પુરુષ ઉમેદવારને ટિકિટ મળી છે.

# રાજકોટ જિલ્લાની કુલ ૮ પૈકી ૭ બેઠક પર ભાજપે ઉમેદવારના નામ જાહેર કર્યા

**ભાજપની લકી બેઠક પર ડો.દર્શિત્તા શાહ, પૂર્વમાં કાનગડ અને દક્ષિણમાં પાટીદાર અગ્રણી ટીલાળા ટિકિટ અપાઈ**

રાજકોટ,તા.૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે ત્યારે ભારતીય જનતા પાર્ટી એક વાર ફરી સત્તા વાપસી માટે તનતોડ મહેનત કરી રહી છે. કેન્દ્રીય પાર્લામેન્ટ્રીની ચાલેલી ૩ કલાકની બેઠક બાદ આજે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. જ્યાં ભાજપની લકી બેઠક એવી રાજકોટ પશ્ચિમ-૬૯ પર ડો. દર્શીતા શાહ, રાજકોટ પૂર્વ ૬૮માં ઉદય કાનગડ અને જેમના માટે ખુદ નરેશ પટલે સહિતના પાટીદાર નેતાઓએ લોબિંગ કર્યું હતું એવા પાટીદાર અગ્રણી રમેશ ટીલાળાને દક્ષિણ બેઠકની ટિકિટ આપવામાં આવી છે.

રાજકોટ જિલ્લાની કુલ ૮ પૈકી ૭ બેઠક પર ભાજપે ઉમેદવારના નામ જાહેર કર્યા છે. જેમાં ધોરાજીને બાદ કરતા તમામ ૭ બેઠક પર ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. રાજકોટ શહેરની ૩ તેમજ ગ્રામ્યની ૧ બેઠક પર તમામ નવા નામો જાહેર કરવામાં આવ્યા છે. જયારે જસદણ, જેતપુર અને ગોંડલ બેઠક પર ભાજપે રિપીટ થિયરી અપનાવી છે. નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બન્યા તેની પાછળ રાજકોટનો સિંહફાળો છે. કારણ કે, નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે તેઓ રાજકોટની પશ્ચિમ બેઠક પરથી ચૂંટાઈ આવ્યા હતા. આ બેઠક ભાજપ માટે લક્કી છે. જે અહીંથી ચૂંટણી લડે તે મુખ્યમંત્રી કે વડાપ્રધાન બન્યા છે.ડો.દર્શિતા શાહ સતત બે ટર્મથી રાજકોટના ડેપ્યુટી મેયર છે

પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ, રાજકોટના પૂર્વ મેયર, પૂર્વ ડે.મેયર, સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન અને શાસકપક્ષના પૂર્વ નેતા ઉદયભાઇ કાનગડ છે. કોર્પોરેટર તરીકે ચારવાર ચૂંટાયા અને ચારેયવાર પક્ષે તેઓને મહત્વપૂર્ણ હોદ્દો આપ્યો હતો. ગુજરાતમાં સૌથી નાની વયે મેયર બનવાનો રેકોર્ડ પણ તેઓના નામે જ છે. વર્ષ ૧૯૯૫માં પ્રથમવાર મહાપાલિકાની ચૂંટણી જંગમાં ઉતારવામાં આવ્યા તેઓ જંગી લીડથી વિજેતા બન્યા ૧૯૯૭માં તેઓને રાજકોટના પ્રથમ નાગરિક બનવાનું બહુમાન પ્રાપ્ત થયું ત્યારે તેઓએ રાજ્યમાં સૌથી નાની વયે મેયર બનવાનો રેકોર્ડ બનાવ્યો હતો.

રમેશ ટીલાળા લેઉવા પટેલ સમાજના તેઓ ટ્રસ્ટી છે રમેશ ટીલાળાનો જન્મ રાજકોટ જિલ્લાના શાપર ગામ ખાતે ૧૫ જાન્યુઆરી ૧૯૬૪ના રોજ થયો હતો.

૧૦ ધોરણ પાસ રમેશ ટીલાળા પ્રથમ ખેતરમાં ખેતી કરતા હતા અને ખેતી કરતા કરતા તેઓને ઉદ્યોગ સ્થાપવાનો વિચાર આવ્યો હતો. આ વિચારની શરૂઆત તેમને ટેક્સટાઈલના ઉદ્યોગથી કરી હતી. ટેક્સટાઈલ ઉદ્યોગમાં સફળતા મળ્યા બાદ તેઓ એક બાદ એક નવા ઉદ્યોગની સ્થાપના કરતા ગયા અને આજે તેઓ રાજકોટ અને આણંદમાં મળી કુલ ૭ ઈન્ડસ્ટ્રી ધરાવે છે.સાથે લેઉવા પાટીદાર સમાજની સૌથી મોટી સંસ્થા ખોડલધામ, કાઠિયાવાડ બાલાશ્રમ, એ.પી. પટેલ કન્યા છાત્રાલય અને રાજકોટ લેઉવા પટેલ સમાજના તેઓ ટ્રસ્ટી છે.

શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રી વિસ્તારની શરૂઆત ખૂબ જ ખરાબ હતી. પરંતુ ટીલાળા ચેરમેન બન્યા બાદ આજે તેઓ આ વિસ્તારને આગળ વધારવા ખૂબ મહેનત કરી રહ્યા છે.

જસદણ બેઠક પર પૂર્વ મંત્રી કુંવરજી બાવળિયા, જેતપુર બેઠક પર જયેશ રાદડિયા અને ગોંડલ બેઠક પર ગીતાબા જાડેજાને ટિકિટ આપવામાં આવી છે. ત્યારે હાલ આ ત્રણેય નેતાઓના દ્વારા ટિકિટ મળ્યાની ઉજવણી કરવામાં આવી રહી છે.

ગોંડલ બેઠક ઉપર છઠ્ઠી વખત ટિકિટ મેળવનારા જયરાજસિંહ જાડેજા પરિવારના ગીતાબા જાડેજાએ જણાવ્યું કે, ભાજપે છઠ્ઠી વખત અમારા ઉપર વિશ્વાસ કરીને મને વિધાનસભાની ટિકિટ આપી છે ત્યારે હું પક્ષનો આ વિશ્વાસ સાર્થક કરી બતાવીશ. હું વિધાનસભા ચૂંટણીમાં વિકાસના મુદ્દા સાથે ઉતરીશ. આમ તો ગોંડલ બેઠક ઉપર દરેક ચૂંટણીમાં ત્રિ-પાંખિયો જંગ હોવાનું કહેવાઈ રહ્યું હોય છે પરંતુ જીત હંમેશા ભાજપની જ થતી આવી છે.

આ વખતે પણ અહીંની જનતા ભાજપને ખોબલે ખોબલે મત આપનાર હોવાથી મારી ૨૫,૦૦૦થી વધુ મતની લીડથી જીત નિશ્ચિત છે.જસદણ બેઠક ઉપરથી કુંવરજી બાવળિયાને રિપીટ કરવામાં આવ્યા છે ત્યારે તેમણે ભાજપ હાઈકમાન્ડનો આભાર માન્યો હતો અને જંગી બહુમતી સાથે જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

રાજકોટ ગ્રામ્ય બેઠક પર લાખાભાઈ સાગઠીયાના બદલે પૂર્વ ધારાસભ્ય ભાનુબેન બાબરીયાને ટિકિટ આપવામાં આવે તેવી પુરી શક્યતા છે. ભાનુબેન બાબરિયાએ રાજકોટ કોર્પોરેશનના વોર્ડ નંબર ૧ના કૉરપોર્ટર છે.

ભાનુબેન બાબરિયા રાજકોટ ગ્રામ્ય વિધાનસભા બેઠક પરથી બે વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે.તેમના સસરા માધુભાઈ બાબરીયા પણ પૂર્વ ધારાસભ્ય છે.

### વિહંગ નો વિસામો અબોલ જીવ સેવા યજ્ઞ

# અબોલ શ્ર્વાન પ્રત્યેનો પ્રેમ અંતિમ શ્ર્વાસ લેતાં માનવ મૃત્યુ જેટલો દરજ્જો આપ્યો




અરવલ્લી.સા.કા વિહંગ નો વિસામો અબોલ જીવ સેવા યજ્ઞ અબોલ પશુ પક્ષીઓની સેવામાં હરહંમેશ અગ્રેસર હોય છે સંસ્થા ૩૬૫ દિવસ અબોલ જીવ ની સેવા માં હોય છે એક પપ્પી નામના શ્ર્વાન નું અચાનક મૃત્યુ થયું હતું જે શ્ર્વાન ની અંતિમ ક્રિયા માનવ મૃત્યુ ની જેમ કરવામાં આવી હતી જેને સ્નાન કરાવી એક પલંગ ઉપર રાખી પુષ્પ હાર કફન અર્પણ કરી માનવ જીવ ની જેમ કાંધ આપવામાં આવી હતી પ્રજાપતિ સમાજ ના યુવાનો અરવિંદ સરપંચ હેમંત પ્રજાપતિ દિપક પ્રજાપતિ સંસ્થા પ્રમુખ એસ કે ગુર્જૅર તથા સંસ્થા હાજર સ્ટાફ મિત્રો મહેશ પાંડોર જનક ઠાકોર વિક્રમ વાલ્મિકી એ કાંધ આપી હતી પાંચ ફુટ જેટલો ઉંડો ખાડો ખોદી શ્ર્વાન ને દફનાવવામાં આવ્યો હતો જેથી કરી કોઈ હિંસક પ્રાણીઓ શ્ર્વાન નાં મૃત્યુ ને રસ્તા પર જાડે નહીં આ શ્રવાન ની અંતિમ ક્રિયા વખતે સંસ્થા ના પ્રમુખ શ્રી એસ કે ગુર્જૅર એ જણાવ્યું હતું કે દરેક જીવ માં શિવ નો વાસ રહેલો છે એ મૃત્યુદેહ કોઈ પણ જીવનો હોય જેના મલાજો હરહંમેશ સાચવો એ આપણી નૈતિક ફરજ બને છે.....

રિપોર્ટ..... હિરેન પ્રજાપતિ.... અરવલ્લી.સા.કા...

# ૧૨ નવેમ્બર, 'બર્ડમેન ઓફ ઇન્ડિયા' તરીકે જાણીતા સલીમ અલીનો જન્મદિવસ

**સલીમ અલીએ પોતાનું લગભગ આખું જીવન પક્ષીઓની શોધ અને અભ્યાસ માટે સમર્પિત કર્યું.**



સલીમ અલી (૧૨ નવેમ્બર ૧૮૯૬ – ૨૦ જૂન ૧૯૮૭) એ ભારતીય પક્ષીવિદ અને પ્રકૃતિવિદ હતા. તેઓ 'બર્ડમેન ઓફ ઈન્ડિયા' તરીકે જાણીતા છે. સમગ્ર ભારતનાં પક્ષીઓની મોજણી કરનારા સલીમ અલી પહેલા ભારતીય હતા. તેમણે પક્ષીઓ વિષે સંખ્યાબંધ પુસ્તકો પણ લખ્યા છે. હાલ સાઈલેન્ટ વેલી નેશનલ પાર્ક તરીકે જાણીતા ઉદ્યાનનુ નિકંદન અટકાવવામાં સલીમ અલીનો સિંહ ફાળો છે. સીડની ડીલ્લોન રીપ્લેની સાથે મળીને તેમણે 'હેન્ડબુક ઓફ ધ બર્ડ્સ ઓફ ઈન્ડિયા એન્ડ પાકિસ્તાન' ના દસ ભાગ તૈયાર કર્યા. જેની બીજી આવૃતિ તેમના મૃત્યુ બાદ પ્રકાશિત કરવામાં આવી. ૧૯૫૮માં પદ્મભૂષણ અને ૧૯૭૬માં પદ્મવિભૂષણ એમ ભારતનાં અનુક્રમે ત્રીજા અને બીજા સૌથી ઉચ્ચ નાગરિક સન્માન તેમણે મેળવ્યાં. પક્ષીઓની કેટલીક જાતિઓ, કેટલાંક પક્ષી અભયારણ્યો અને સંસ્થાઓને તેમનું નામ અપાયું છે. સાલીમ અલી એ મૂળ ખંભાતના સૂલેમાની વ્હોરા હતા. તેમનો જન્મ મુંબઈ ખાતે થયો હતો. ૧૮૫૭થી તેમનો પરિવાર મુંબઇ ખાતે સ્થાયી થયો હતો. સલીમ અલીને શરુઆતમાં શિકાર વિષયક પુસ્તકોમાં બહુ જ રસ હતો. તેમના પાલક અમીરુદ્દીનએ તેમના આ રસને પીઠબળ આપ્યું. સલીમ અલી આસપાસનાં બાળકો સાથે પક્ષીઓનાં શિકારની રમત રમતાં. એક વાર એરગનથી રમતાં રમતાં એક પક્ષીને ઢાળી દીધું. મૃત પક્ષીને જોઇ તેમને બાળસહજ જિજ્ઞાસા થઇ. મૃત રંગીન ચકલીને જોઇને તેમના મામા અમીરુદ્દીન કે જેઓ 'બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી'નાં સભ્ય હતા એમની જિજ્ઞાસા સંતોષવા અલીને 'બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી'નાં મંત્રી મિ. મિલાર્ડ પાસે લઇ ગયા. ત્યાં તેમણે પંખીઓનાં વિવિધ નમૂના અને પુસ્તકો જોયાં. મિલાર્ડે તેમણે કેટલાંક પક્ષી વિષયક પુસ્તકો પણ ભેટ આપ્યાં જેમાં 'ઈહા' દ્વારા લિખિત બોમ્બેનાં સામાન્ય પક્ષીઓનો (કોમન બર્ડ્સ ઓફ બોમ્બે) પણ સમાવેશ થતો હતો. તેમણે પક્ષીઓનું સર્વેક્ષણ અને દસ્તાવેજીકરણ કર્યું એટલું જ નહીં, તેઓ પક્ષીઓ અને તેમના રહેઠાણોનાં સંરક્ષણ વિશે પણ અવાજ ઉઠાવતા હતા. રાજસ્થાનમાં ભરતપુર પક્ષી અભયારણ્યની સ્થાપનામાં અને કેરળમાં સાયલન્ટ વેલી નેશનલ પાર્કના વિનાશને રોકવામાં તેમણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સલીમ અલીએ તેમનું લગભગ આખું જીવન પક્ષીઓની શોધ અને અભ્યાસ માટે સમર્પિત કર્યું. પરંતુ તેમના મૃત્યુ પછી લગભગ ત્રણ દાયકા પછી તેમના નામ પર એક નવી ભારતીય પક્ષી પ્રજાતિનું નામકરણ થયું. ૨૦૧૬ માં, હિમાલયન વન થ્રશ - જે સામાન્ય રીતે પર્વતમાળાનાં પૂર્વ ભાગમાં જોવા મળે છે - તેનું નામ ઝૂથેરા સલીમાલી રાખવામાં આવ્યું હતું. આ પક્ષી ૨૦૦૯માં મળી આવ્યું હતું.

# મોરબી પુલ દુર્ઘટના દરમિયાન નદીમાં કૂદીને 'મસીહા' બનેલા પૂર્વ ધારાસભ્યને ભાજપે ટિકિટ આપી

મોરબી,તા.૧૦



ભારતીય જનતા પાર્ટી મોરબીના પૂર્વ ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાને આ વખતે ચૂંટણીમાં લોટરી લાગી છે. ભાજપે મોરબી દુર્ઘટના બની ત્યારે નદીમાં કૂદીને અનેક લોકોની જિંદગી બચાવનાર નેતાને વિધાનસભાની ટિકિટ આપી છે. તમને જણાવી દઈએ કે તાજેતરમાં મોરબી પુલ દુર્ઘટના વખતે પૂર્વ ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયા માત્ર ટ્યૂબ પહેરીને પાણીમાં કૂદ્યા હતા. તેમણે અનેક લોકોની જિંદગી બચાવી હતી. એવું કહેવામાં આવે છે કે પહેલા તેઓ ટિકીટની યાદીમાં નહોતા, પરંતુ આ સાહસ કર્યા બાદ તેઓને બીજેપીએ ટિકીટ આપી છે.મોરબી જિલ્લામાં કુલ ત્રણ વિધાનસભા સીટ પર ચૂંટણી યોજવામાં આવે છે. વર્ષ ૨૦૧૭ની ચૂંટણીની વાત કરીએ તો, મોરબી જિલ્લાની ત્રણેય બેઠક પર કોંગ્રેસના ઉમેદવારની જીત થઈ હતી. જોકે, બાદમાં કોંગ્રેસના ચૂંટાયેલા એક ધારાસભ્યો રાજીનામું આપી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા અને ચૂંટાયા પણ હતા. બ્રિજેશ મેરજાએ રાજ્યસભાની ચૂંટણી પહેલાં વર્ષ ૨૦૨૦માં કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું અને ભાજપમાં જોડાઈ ગયા હતા. પક્ષપલટા અંગે બ્રિજેશ મેરજાએ કહ્યું હતું કે, 'કોંગ્રેસની માનસિકતા હવે બદલાવવા લાગી છે. કોંગ્રેસ હવે ખાબોચિયા જેવો પક્ષ બની ગયો છે. તેમાં રહીને લોકસેવા થઇ શકે તેમ ન હોવાથી મારા અંતરઆત્માએ મને ઢંઢોળ્યો અને ભાજપમાં જોડાઇ ગયો.ત્યારબાદ યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપે આયાતી ઉમેદવાર બ્રિજેશભાઈ મેરજાને ટિકિટ આપી હતી. આ પેટાચૂંટણીમાં ભાજપના બ્રિજેશભાઈ મેરજાએ કોંગ્રેસના જયંતી પટેલને હરાવીને જીત મેળવી હતી.

# કોંગ્રેસના ઝાલોદના ધારાસભ્યશ્રી ભાવેશભાઈ કટારા પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીના વરદ હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી વિધિવત રીતે ભાજપમાં જોડાયા

- ■ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આદિવાસી સમાજના કલ્યાણ માટે
- ■ દરેક ક્ષેત્રે કામ કરવામાં આવ્યું. – શ્રી પ્રદિપસિંહ વાઘેલા
- ■ આદિવાસી સમાજનો વિકાસ વધુ થાય તે માટે આજે ફરી
- ■ ભાજપમાં જોડાયો છું – શ્રી ભાવેશ કટારા




ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આઝાદીના ૭૫ વર્ષમાં દેશને આત્મનિર્ભર ભારતની દિશા આપનાર એવા દેશના વિકાસપુરુષ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબની રાષ્ટ્રવાદની વિચારધારા અને વિકાસની રાજનીતી પ્રેરાઇ ગુજરાત ભાજપમાં કોંગ્રેસના વધુ એક નેતા કોંગ્રેસ સાથે છેડો ફાડી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે.

કોંગ્રેસના ઝાલોદના ધારાસભ્યશ્રી ભાવેશભાઇ કટારા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના નેતૃત્વમાં પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીના વરદ હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી વિધિવત રીતે ભાજપમાં જોડાયા


આ પ્રસંગે પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ સંબોધન કરતા જણાવ્યું કે, ભાજપ સરકારમાં આદિવાસી સમાજના કલ્યાણ માટે દરેક ક્ષેત્રે કામ કરવામાં આવ્યું છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયે જ આદિવાસી સમાજના કલ્યાણ માટે કામો શરૂ થયા હતા તે આજે પણ અવિરત ચાલુ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આદિવાસી સમાજને દેશનું સર્વોચ્ચ પદ આપ્યું છે. આજે શ્રી ભાવેશભાઇ કટારાએ ભાજપમાં જોડાયા પહેલા તેમણે ભારતીય જનતા પાર્ટીના કાર્યાલયે આવી ને ચૂંટણી ન લડાવવો તો જ ભાજપમાં જોડાવું છે આ એક મહત્વની વાત કહી હતી.

શ્રી ભાવેશ કટારાએ મીડિયા સાથે સંવાદ કરતા જણાવ્યું કે, અગાઉ ભાજપમાં જ હતો અને આજે ફરી ભાજપના કાર્યકરો અને નેતાઓએ મને આવકાર્યો તે બદલ સૌનો આભાર. આદિવાસી સમાજનો વિકાસ વધુ થાય તે માટે આજે ફરી ભાજપમાં જોડાયો છું. મારો અને મારા પિતાનો રાજકીય જન્મ ભાજપ માંથી જ થયો. આવનાર સમયમાં પાર્ટી જે પણ જવાબદારી આપશે તે નિષ્ઠાથી પુર્ણ કરવાનો પ્રયાસ કરીશ.

આ કાર્યક્રમમાં રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી, પ્રદેશના સહ પ્રવકતાશ્રીઓ શ્રી ડો.ૠત્વીજભાઇ પટેલ, શ્રી હિતેન્દ્રભાઇ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)







## ઇલેક્શન અંતર્ગત ભાજપ યુવા મોરચા ના રાષ્ટ્રીય અધ્યક્ષ અમદાવાદ ની મુલાકાતે

આજ રોજ અમદાવાદ ખાતે ઈલેક્શન અંતર્ગત અગ્રેસર ગુજરાત કેમ્પેઈન માટે ભાજપ યુવા મોરચા ના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી તેજસ્વી સૂર્યા તેમજ ગુજરાત પ્રદેશ યુવા મોરચા પ્રમુખ પ્રશાંત કોરાટ અમદાવાદ ખાતે સુપસિદ્ધ જગદીશ મંદિર. ભદ્રકાળી મંદિર ખાતે દર્શન કરી પ્રચાર નો પ્રારંભ કયો હતો આ કાર્યક્રમ જમાલપુર વોર્ડ પ્રમુખ પુરુષોત્તમ ચાવડા યુવા મોરચા ના અનિલ મિશ્રા તેમજ વોર્ડ ના કાયઁકતા ઓ મોટી સંખ્યા મા હાજર રહ્યા હતા.

# દિવાળી વેકેશન બાદ રાજ્યભરની શાળાઓ ફરી એકવાર શરૂ

અમદાવાદ,તા.૧૦

૨૧ દિવસની દિવાળી રજાઓ બાદ રાજયભરની શાળાઓમાં બીજું શૈક્ષણિક સત્ર શરૂ થયું છે. રાજયની પ્રાથમિક, માધ્યમિક શાળાઓમાં દિવાળી વેકેશન પૂર્ણ થતા આજથી બાળકોનો કલરવ શાળાઓમાં ગૂંજી ઉઠયો હતો. પ્રથમ શૈક્ષણિક સત્રમાં ૧૦૪ દિવસનાં અભ્યાસ બાદ ૨૧ દિવસનું દિવાળી વેકેશન પડ્યું હતું.

રાજ્યભરના અંદાજે ૧ કરોડ કરતાં વધુ વિદ્યાર્થીઓ બીજા શૈક્ષણિક સત્રના અભ્યાસ માટે શાળાએ પહોંચ્યા હતાં.વિદ્યાર્થીઓને શિક્ષકોએ આવકાર્યા હતાં અને શિક્ષકો અને વિદ્યાર્થીઓએ એક બીજાને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી બીજા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓએ ૧૩૭ દિવસનો શાળાકીય અભ્યાસ કરવાનો રહેશે. ૧૪ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૩ બોર્ડની પરીક્ષા શરૂ થશે. શાળાકીય વાર્ષિક પરીક્ષાઓ ૧૦ મી એપ્રિલથી લેવાશે. બીજા શૈક્ષણિક સત્ર બાદ ૧ મેથી ૪ જૂન સુધી ઉનાળુ વેકેશન રહેશે. આગામી ૫ જૂન ૨૦૨૩થી આગામી વર્ષનું નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે.

# ભાજપની ૧૬૦ ઉમેદવારોની યાદી જાહેર

ગાંધીનગર,તા.૧૦

ગુજરાત ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. ભાજપે ૧૬૦ બેઠકો પર ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને જેમાં ૬૯ ધારાસભ્યોને રિપિટ કરાયા છે જયારે ૩૮ ધારાસભ્યોના પત્તા કપાયા છે. જેમાં ૧૪ મહિલાઓને ટિકિટ આપવામાં આવી છે.આશ્ચર્યની વાત એ છે કે ભાજપે વડોદરાના દબંગ નેતા મધુ શ્રીવાસ્તવ અને કોંગ્રેસના આયાતીઓમાંથી હકુભાનું પત્તું કપાયું છે. પરંતુ કોંગ્રેસ છોડીને યુવા પાટીદાર નેતા હાર્દિક પટેલને નોટરી લાગી છે. હાર્દિક પટેલને વિરમગામમાંથી ટિકિટ આપી છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે કયા નેતાઓનો પત્તા કાપ્યા છે તે જોઈએ તો વેજલપુર કિશોર ચોહાણ કપાયા,એલિસબ્રીજ રાકેશ શાહ કપાયા ,નરોડા બલરામ થવાની કપાયા,ઠક્કરબાપા નગર વલ્લભ કાકડીયા કપાયા..,અમરાઈવાડી જગદીશ પટેલ કપાયા,મણીનગર સુરેશ પટેલ કપાયા,સાબરમતી અરવિંદ પટેલ કપાયા,અસારવા પ્રદીપ પરમાર કપાયા,હકુભા જાડેજાની ટિકિટ કપાઈ,મધુ શ્રીવાસ્તવની ટિકિટ કપાઈ,આરસી મકવાણાની ટિકિટ કપાઈ,સૌરભ પટેલની ટિકિટ કપાઈ,હિતુ કનોડિયાની ટિકિટ કપાઈ,આ સિનિયર નેતાઓ પણ કપાયા,બ્રિજેશ મેરજા, આર સી ફળદુ, વાસણ આહિર, વિજય રૂપાણી, નીતિન પટેલ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, મધુશ્રી વાસ્તવ, હિતુ કનોડિયા, વલ્લભ કાકડિયા, લાખાભાઈ સાગઠીયા, હકુભા જાડેજા, ગોવિંદ પટેલ, અરવિંદ પટેલ, સુરેશ પટેલ, કિશોર ચૌહાણ, અરવિંદ રૈયાણી, જગદીશ પટેલ, રાકેશ શાહ સમાવેશ થાય છે. ભાજપે ૪૦ ધારાસભ્યોનું પત્તુ કાપ્યું છે તેમાં ૧.માંડવી , વિરેન્દ્રસિંહ જાડેજા ૨. ભુજ, ડૉ. નીમાબેન આચાર્ય (વિધાનસભા અધ્યક્ષ),૩. અંજાર, વાસણ આહીર, (પૂર્વ મંત્રી),૪. રાપર, સંતોકબેન અરેઠિયા,૫. ડીસા, શશિકાંત પંડ્યા,૬. ઊંઝા, આશાબેન પટેલ (મૃત્યુ) ,૭. મહેસાણા, નીતિન પટેલ,૮. ઈડર, હિતુ કનોડિયા,૯. વેજલપુર,કિશોર ચૌહાણ ,૧૦. એલીસબ્રિજ, રાકેશ શાહ,૧૧. નારણપુરા, કૌશિક પટેલ (પૂર્વ મંત્રી),૧૨. નરોડા,બલરામ થવાણી,૧૩. ઠક્કરબાપા નગર, વલ્લભ કાકડિયા (પૂર્વ મંત્રી),૧૪. અમરાઈવાડી, જગદીશ પટેલ,૧૫. મણીનગર,સુરેશ પટેલ ,૧૬. સાબરમતી, અરવિંદ પટેલ,૧૭. અસારવા, પ્રદીપ પરમાર (પૂર્વ મંત્રી),૧૮. ધોળકા,ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (પૂર્વ મંત્રી) (સ્વૈચ્છિક ઈનકાર),૧૯. વઢવાણ, ધનજી પટેલ (ઉદ્યોગપતિ),૨૦. ધ્રાંગધ્રા,પરશોત્તમ સાબરિયા,૨૧. મોરબી, બ્રિજેશ મેરજા, (પૂર્વ મંત્રી),૨૨. રાજકોટ પૂર્વ અરવિંદ રૈયાણી (પૂર્વ મંત્રી),૨૩. રાજકોટ પશ્ચિમ વિજય રૂપાણી (પૂર્વ મુખ્યમંત્રી) (સ્વૈચ્છિક ઈનકાર),૨૪. રાજકોટ દક્ષિણ ગોવિંદ પટેલ,૨૫. રાજકોટ ગ્રામ્ય લાખાભાઈ સાગરઠિયા,૨૬. જામનગર ઉત્તર ધર્મેન્દ્રસિંહ જાડેજા (પૂર્વ મંત્રી),૨૭. જામનગર દક્ષિણ આર.સી. ફળદુ (પૂર્વ મંત્રી, પૂર્વ પ્રદેશ પ્રમુખ),૨૮. મહુવા રાઘવજી મકવાણા ,૨૯. ગઢડા આત્મારામ પરમાર,૩૦. બોટાદ સૌરભ પટેલ (પૂર્વ મંત્રી),૩૧. ાતર કેસરીસિંહ સોલંકી,૩૨.કાલોલ સુમનબેન ચૌહાણ ૩૩.વાઘોડિયા મધુ શ્રીવાસ્તવ ૩૪.અકોટા સીમાબેન મોહિલે,૩૫.રાવપુરા રાજેનદ્ર ત્રિવેદી (પૂર્વ મંત્રી, પૂર્વ વિધાનસભા અધ્યક્ષ) ૩૬. ભરૂચ દુષ્યંત પટેલ ૩૭. કામરેજ બી.ડી ઝાલાવાડિયા ૩૮. સુરત ઉત્તર કાંતિભાઈ પટેલ ૩૯.ઉધના વિવેક પટેલ (પૂર્વ ચેરમેન, ગુજરાત હાઉસિંગ બોર્ડ) ૪૦. નવસારી પિયુષ દેસાઈ સામેલ છે.

### ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ : અમદાવાદ જિલ્લો

# અમદાવાદ જિલ્લાના વિવિધ વિધાનસભા મતદાર વિભાગોના ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા ઉમેદવારી પત્ર અંગે જાહેર નોટિસ

અમદાવાદ ,

ગુજરાતમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ આગામી દિવસોમાં યોજાનાર છે. આ માટે જિલ્લા ચૂંટણી તંત્ર સુસજ્જ છે. અમદાવાદ જિલ્લામાં બીજા તબક્કામાં મતદાન યોજાવાનું છે. અમદાવાદ જિલ્લાની કુલ ૨૧ વિધાનસભા બેઠકો પર ચૂંટણીની પ્રક્રિયા સમયાનુસાર આગળ વધી રહી છે. અમદાવાદ જિલ્લાના વિવિધ મતદાર વિભાગ માટે વિવિધ ચૂંટણી અધિકારીઓ દ્વારા ઉમેદવારીપત્ર મેળવવા, ભરવા, ચકાસવા તેમજ પરત ખેંચવાનો કાર્યક્રમ નીચે મુજબ છેઃ

(૧) મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી સમક્ષ તા.૧૦-૧૧-૨૦૨૨ થી તા.૧૭-૧૧-૨૦૨૨ સુધી (જાહેર રજા સિવાય) સવારના ૧૧:૦૦ થી બપોરના ૦૩:૦૦ વાગ્યા વચ્ચે કોરા ઉમેદવારી પત્ર મેળવી શકાશે અને ભરાયેલ ઉમેદવારીપત્ર રજૂ કરી શકાશે. જે માટે નિયમોનુસાર આ નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

(૨) ઉમેદવારી પત્રોની ચકાસણી તા.૧૮/૧૧/૨૦૨૨ ના રોજ સવારના ૧૧:૦૦ વાગ્યાથી ચૂંટણી અધિકારીશ્રી દ્વારા હાથ ધરવામાં આવશે.

(૩) તા.૨૧/૧૧/૨૦૨૨ના બપોરના ૦૩:૦૦ કલાક પહેલા ઉમેદવારી પરત ખેંચવાની નોટિસ મતવિભાગના ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરી શકાશે.

(૪) મતદાન તા.૦૫/૧૨/૨૦૨૨ના રોજ સવારે ૦૮:૦૦થી સાંજના૦૫:૦૦ વાગ્યા સુધી કરવાનું થશે, એવું ચૂંટણી અધિકારીશ્રીઓ તરફથી જણાવાયું છે.

# ઉમેદવારોની યાદી જાહેર થતા જ ભાવનગર ભાજપમાં ભડકો

ભાવનગર,તા.૧૦

ભાજપે આજે ૧૬૦ ઉમેદવારોની યાદી જાહેર કરતા જ ભાવનગરની મહુવા બેઠક પર નારાજગી જોવા મળી હતી અને ૩૦૦થી વધુ ભાજપ સભ્યોએ રાજીનામા આપી દીધા હતા. મહુવા તાલુકા પંચાયતના તમામ સભ્યો જિલ્લા પંચાયતના તમામ સભ્યો અને મહુવા ભાજપ સંગઠનના તમામ સભ્યો સહિત ભાજપના કાર્યકરો અને આગેવાનો સહિત ૩૦૦ થી વધારે સભ્યોના સામુહિક રાજીનામાં ધર્યા હતા. શિવાભાઈ ગોહિલે મહુવામાં ટિકિટ પણ માંગી નહોતી અને મહુવા ભાજપના આગેવાનો અને કાર્યકરો દ્વારા તેમને સમર્થન પણ નથી .

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.